સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 51

[DEC - 2020]
[13/12/20 to 19/12/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 15
16 TO 30 NOV - 2020

ICE®

Click Here To DOWNLOAD




## CURRENT TOPICS

- ✔ યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર
- ✔ વડાપ્રધાને વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો
- ✔ રાજ્યના ગૃહવિભાગની ઈ-ગુજકોપ એપ્લિકેશનને દેશમાં પ્રથમ પુરસ્કાર એનાયત
- ✔ Human Development Report, 2020 (માનવવિકાસ અહેવાલ, 2020)
- ✔ રોબર્ટ લેવાન્ડોવસ્કી ફિફા પ્લેયર ઓફ ધ યર બન્યો
- ✔ હ્યુમન ફ્રિડમ ઈન્ડેક્સ-2020ની યાદીમાં 162 દેશોમાં ભારત 111મા સ્થાને


CLICK TO JOIN WHATSAPP
joinicerajkot.com

JOIN TELEGRAM
t.me/icerajkotofficial

FOLLOW US ON YOUTUBE
icerajkot

FOLLOW US ON INSTAGRAM
icerajkot

13 DECEMBER, 2020 SUNDAY

## ➤ સૈન્યને હવે 15 દિવસના યુદ્ધ સરંજામનો સ્ટોક કરવા મંજૂરી

- કેન્દ્ર સરકારે સૈન્યને 15 દિવસ યુદ્ધ ચાલે તેટલા સરંજામનો સ્ટોક કરવાની મંજૂરી આપી દીધી છે. ચીન સાથે હાલ ચાલી રહેલી તંગદિલીના સંદર્ભમાં આ પગલું લેવાયું હોવાનું માનવામાં આવે છે.
- અત્યાર સુધી ભારતીય સૈન્યને 10 દિવસ યુદ્ધ ચાલે તેટલો સ્ટોક કરવાની મંજૂરી હતી. પરંતુ, લશ્કરી નિષ્ણાંતો કદાચ ભારતે ચીન અને પાકિસ્તાન એમ બંને સાથે બેય મોરચે ભીડાવું પડે તેવી શકયતા જોઈ રહયા છે. આથી, આ સ્ટોક મર્યાદા વધારવામાં આવી છે.
- લશ્કરને સ્ટોક કરવાની મંજૂરી અપાતા હવે 15 દિવસ સુધી ભીષણ યુદ્ધ ચાલે તો પણ દારૂગોળો અને બીજા સરંજામની ઉણપ ના સર્જાય તે માટે સ્થાનિક ઉત્પાદકો ઉપરાંત વિદેશી ઉત્પાદકો પાસેથી પણ મોટાપાયે ખરીદી શરૂ કરવામાં આવશે.
- ભારતીય સૈન્યને મૂળભૂત રીતે 40 દિવસ સુધી યુદ્ધ ચાલે તેટલો સ્ટોક કરવાની મંજૂરી હતી. પરંતુ, બાદમાં યુદ્ધની પદ્ધતિઓ બદલાતા એટલો સ્ટોક કરવાની જરૂર નથી એમ માની આ મર્યાદા 10 દિવસની કરી દેવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ કોઈલવર બ્રિજ

- 10 ડિસેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ બિહારની સોન નદી ઉપરના કોઈલવર બ્રિજનું ઉદ્દઘાટન કર્યું હતું. આ બ્રિજ 256 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો.

### પૃષ્ઠ ભૂમિ



- અગાઉનો આ નદી ઉપરનો બ્રિજ 138 વર્ષ જૂનો હતો. આ જૂનો બ્રિજ ટૂ–લેન બ્રિજ હતો.
- સડક માર્ગ તથા રેલમાર્ગ પરિવહન માટે જૂનો બ્રિજ ઉપયોગી હતો.
- નવો બનેલો બ્રિજ NH-30 અને NH-922 પરના ટ્રાફીકને ઘટાડવામાં મદદ કરશે. આ હાઈ–વે બિહાર અને ઉત્તરપ્રદેશને જોડે છે.

## કોઈલવર બ્રિજ વિશે

- વર્ષ 1862 અને 1900ની વચ્ચે આ બ્રિજ ભારતનો સૌથી લાંબો બ્રિજ હતો.
- તેનું ઉદ્દઘાટન **ભારતના તત્કાલીન વાઈસરોય લોર્ડ એલ્ગિને કર્યું** હતું.
- આ પુલને **'અબ્દુલ બારી બ્રિજ'** પણ કહેવામાં આવે છે.

## અબ્દુલ બારી

- અબ્દુલ બારીએ **ભારતીય શૈક્ષણિક** અને **સમાજ સુધારક** હતા.
- તેઓ ભારતને સામાજિક અસમાનતાથી મુકત, ગુલામી અને સાંપ્રદાયિક તકરારથી મુકત કરવા માગતા હતા.
- તેઓએ વર્ષ 1921, 1922 અને 1942માં આઝાદીની લડત દરમિયાન બંગાળ, બિહાર અને ઓરિસ્સા રાજ્યોમાં કામદાર વર્ગને એક કરવામાં મોટી ભૂમિકા ભજવી હતી.
- તેઓ **ટાટા વર્કર યુનિયનના પ્રમુખ** હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સોન નદી

- સોન નદીએ **ગંગા નદીની એક મુખ્ય ઉપનદી** છે.
- સોનનદી **મધ્યપ્રદેશના અમરકંટક નજીકથી ઉદ્દભવે** છે.
- અમરકંટક એ **નર્મદા અને જોહિલા નદીનું પણ** ઉદ્દભવ સ્થાન છે.
- નદીની કુલ લંબાઈ = 784 કિ.મી.
- આ નદીનું નામ સોન પડ્યું કારણ કે આ નદીની રેતી પીળા રંગ જેવી છે જે સોના જેવી ચમક ધરાવે છે.
- **ગંગા અને સોન નદીના સંગમ સ્થળ સોનપુર ખાતે એશિયાનો સૌથી મોટો પશુમેળો યોજાય** છે.

## ➤ 5મી ઈન્ડિયા વોટર ઈમ્પેક્ટ સમિટ

- 5મી ઈન્ડિયા વોટર ઈમ્પેક્ટ સમિટ (IWIS)નું ઉદ્ઘાટન 10 ડિસેમ્બર, 2020ના રોજ જલશક્તિ રાજ્યમંત્રી શ્રી રતનલાલ કટારિયાએ કર્યું હતું.

### 5મી ઈન્ડિયા વોટર ઈમ્પેક્ટ સમિટની થીમ

- 'Comprehensive Analysis and Holistic Management of Rivers and water bodies with a focus on Arth Ganga'.

### IWIS સમિટ 2020 વિશે

- IWIS સમિટ 2020નું આયોજન 'નેશનલ મિશન ફોર ક્લિન ગંગા (NMCG)' અને 'સેન્ટર ફોર ગંગા રિવર બેસિન મેનેજમેન્ટ એન્ડ સ્ટડીઝ' દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમિટ નદી વ્યવસ્થાપન માટે ભારત અને બીજા દેશો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપશે.

### અર્થ ગંગા શું છે ?

- નમામિ ગંગે 'અર્થ ગંગા'ની આજુબાજુ વિકસિત થઈ રહયું છે. સામાન્ય શબ્દોમાં 'અર્થગંગા' એક વિકાસ મોડેલનો અર્થ છે જે ગંગા સંબંધિત આર્થિક ગતિવિધિઓ પર કેન્દ્રિત છે.
- આના અંતર્ગત ખેડૂતોને ગંગા નદીના કિનારાઓ પર સ્થાયી કૃષિ પ્રથાઓ, નર્સરીઓ સ્થાપિત કરવા, શૂન્ય બજેટ ખેતી અને ફળદાર વૃક્ષો લગાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- ઉપરોક્ત ગતિવિધિઓની સાથે સાથે અર્થગંગામાં વોટર સ્પોર્ટ્સ, વોકિંગ ટ્રેક્સ વગેરે જેવાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પણ નિર્માણ કરવામાં આવશે.

### નમામિ ગંગે

- 'નમામિ ગંગે'ને 'નેશનલ મિશન ફોર ક્લિન ગંગા' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ગંગાનદીનું પ્રદૂષણ ઘટાડી ગંગાનદીના સંરક્ષણ અને કાયાકલ્પ માટે વર્ષ 2014માં શરૂ કરવામાં આવી હતી.
- આ મિશનનો અમલ 'નેશનલ ગંગા કાઉન્સિલ' દ્વારા કરવામાં આવી રહયો હતો. જેનું નામ વર્ષ 2016માં 'નેશનલ ગંગા રિવર બેસિન ઓથોરિટી' કરવામાં આવ્યું હતું.
- આ મિશન હેઠળ અત્યાર સુધીમાં લગભગ 313 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ નેરોબેન્ડ IOT નેટવર્ક શું છે ?

- 10 ડિસેમ્બર, 2020ના રોજ BSNLએ સ્કાયલોની ભાગીદારીમાં ભારતમાં વિશ્વના પ્રથમ સેટેલાઈટ આધારિત નેરોબેન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)ની જાહેરાત કરી હતી.
- તે ભારતમાં ખેડૂતો, માછીમારો, બાંધકામ અને લોજિસ્ટિક એન્ટરપ્રાઈઝને મદદ કરીને 'ડિજિટલ ઈન્ડિયા મિશન'ના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં પણ મદદ કરશે.
- આ મેડ ઈન ઈન્ડિયા સોલ્યુશન ભારતીય સમુદ્રો સહિત BSNL સેટેલાઈટ ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જોડશે.
- તેનાથી નવીન અને સસ્તી ટેલિકોમ સેવાઓ પ્રદાન કરવામાં મદદ મળશે.
- આ સિવાય નેરોબેન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ 5-G નેટવર્કને ખૂબ સપોર્ટ કરે છે.

### નેરોબેન્ડ-ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (NB-IOT) ટેક્નોલોજી શું છે ?

- આ એક લો પાવર વાઈડ એરિયા (LPWA) તકનીક છે જે વિવિધ ઉપકરણો માટે ઈન્ટરનેટ રેન્જ વ્યાપક બનાવે છે.
- તે મુખ્યત્વે ઉકરણોનો વીજ વપરાશ, સ્પેક્ટ્રમ કાર્યક્ષમતા અને સિસ્ટમ ક્ષમતામાં સુધારો કરે છે.
- તે GPRS અને GSM ટેક્નોલોજીઓ કરતા ખૂબ સરળ છે.

**ICE FACT :**

- GPRS : General Packet Radio Service.
- GSM : Global System for mobile Communication.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. કોઈલવર બ્રિજનું નિર્માણ તાજેતરમાં કઈ નદી પર કરવામાં આવ્યું છે ?
(A) પેનગંગા (B) વેનગંગા (C) ગંગા (D) સોન **(D)**

2. સોન નદી ઉપર કોઈલવર બ્રિજનું નિર્માણ કયા રાજ્યમાં કરવામાં આવેલ છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) મધ્યપ્રદેશ (C) બિહાર (D) ઝારખંડ **(C)**

3. કોઈલવર બ્રિજ અન્ય કયા નામે ઓળખાય છે ?
(A) અબ્દુલ બારી બ્રિજ (B) સોનબારી બ્રિજ
(C) હમીદ બારી બ્રિજ (D) શોણ બારી બ્રિજ **(A)**

4. અબ્દુલ બારી કોણ હતા ?
(A) કવિ (B) વૈજ્ઞાનિક (C) સમાજ સુધારક (D) સ્થપતિ **(C)**

5. કઈ નદીઓના સંગમસ્થળ સોનપુર ખાતે એશિયાનો સૌથી મોટો પશુમેળો યોજાય છે ?
(A) યમુના અને સોન (B) સોન અને ગંગા
(C) ગંગા અને યમુના (D) ગંગા અને કોસી **(B)**

6. તાજેતરમાં કેટલામી ઈન્ડિયા વોટર ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) 3 (B) 4 (C) 5 (D) 6 **(C)**

7. 'નમામિ ગંગે' પ્રોજેક્ટની શરૂઆત કયા વર્ષે કરવામાં આવી હતી ?
(A) 2014 (B) 2015 (C) 2016 (D) 2017 **(A)**

8. તાજેતરમાં ભારતની કઈ કંપનીએ ભારતમાં વિશ્વના પ્રથમ સેટેલાઈટ આધારિત નેરોબેન્ડ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)ની જાહેરાત કરી હતી ?
(A) Idea (B) Airtel (C) Vodafone (D) BSNL **(D)**

9. GPRSનું પૂરું નામ જણાવો ?
(A) General Packet Radio Service
(B) General Packet Radiation Service
(C) Global Packet Radio Service
(D) Global Packet Radiation Serving **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**14 DECEMBER, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 14 નવેમ્બર, રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day)




- સમગ્ર ભારતમાં દર વર્ષે 14 ડિસેમ્બરના રોજ 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણમાં ભારતની સિદ્ધિઓ દર્શાવવા અને આબોહવા પરિવર્તનને ઘટાડીને દેશના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાનો છે.
- ભારતમાં <u>ઊર્જા સંરક્ષણ અધિનિયમ વર્ષ 2001</u>માં <u>'ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો (BEE)'</u> દ્વારા લાગુ કરવામાં આવ્યો હતો.
- 'ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો' એક <u>બંધારણીય સંસ્થા</u> છે જે <u>મિનિસ્ટ્રી ઓફ પાવર</u> હેઠળ કાર્યરત છે. તે ઊર્જાના ઉપયોગને ઘટાડવા માટે નીતિઓ અને વ્યૂહરચના ઘડવામાં મદદ કરે છે.

## ➤ સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ સમિટ

- સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ સમિટ (ટકાઉ પર્વત વિકાસ સમિટ)ની <u>નવમી આવૃત્તિ</u> 12 ડિસેમ્બર, 2020ના રોજ દહેરાદૂનમાં યોજાઈ હતી. આ વર્ષે આ સમિટ નીચેની થીમ હેઠળ યોજાઈ હતી : <u>'Emerging Pathways for Building Resilient post COVID-19 Mountain Economy, Adoption, Innovation and Acceleration.'</u>
- આ કાર્યક્રમમાં <u>ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી ત્રિવેન્દ્રસિંહ રાવત</u> અને <u>મેઘાલયના મુખ્યમંત્રી શ્રી કોનાર્ડ કે. સંગમા</u> હાજર રહયા હતા.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ સમિટ વિશે

- આ સમિટનું આયોજન **ઈન્ડિયન માઉન્ટેન ઈનિશિયેટિવ** દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમિટનો ઉદ્દેશ ભારતીય હિમાલય ક્ષેત્રમાં જળ સુરક્ષા, સ્થળાંતર, આબોહવાની સ્થિતિ સ્થાપકતા, ખેતી ક્ષેત્ર માટે નવીન ઉકેલો જેવા મુદ્દાઓ પર વિચારણા કરવાનો હતો.
- આ સમિટની **પ્રથમ આવૃત્તિનું આયોજન વર્ષ 2011માં** નૈનીતાલ ખાતે કરાયું હતું.

## ➢ નેશનલ સેન્ટર ફોર દિવ્યાંગ એમ્પાવર્મેન્ટ (NCDE)

- **સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) દ્વારા નેશનલ સેન્ટર ફોર દિવ્યાંગ એમ્પાવર્મેન્ટ (NCDE)**ની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સેન્ટર ફરજ દરમિયાન વિકલાંગતાથી પીડાતા હોય તેવા દિવ્યાંગ લડવૈયાઓને પુનઃ કુશળતા અને પુનર્વસન માટે મદદ કરશે.
- આ સેન્ટર **CRPF ગ્રૂપ સેન્ટર રંગારેડ્ડી, તેલંગાણા** ખાતે સ્થિત છે.
- આ કેન્દ્ર દિવ્યાંગોની જરૂરિયાત મુજબની વિશ્વ કક્ષાની સુવિધાઓ ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રની મુખ્ય વિશેષતાઓ

- દિવ્યાંગ સશક્તિકરણ માટેનું આ રાષ્ટ્રીય કેન્દ્ર **તેના પ્રકારનું પ્રથમ** છે.
- આ કેન્દ્રમાં દિવ્યાંગ વોરિયર્સને રમતગમતની કુશળતા અને કમ્પ્યુટર કુશળતા જેવી ઘણી બધી તાલીમો આપવામાં આવશે.
- આ પહેલ થકી દિવ્યાંગ લોકો શારીરિક અસમર્થ હોવા છતાં દેશની સેવામાં ભાગીદાર બની શકશે.
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પેરા રમતોત્સવ માટે આ કર્મચારીઓને કુશળ બનાવશે.

**ICE FACT :**

- દેશમાં વિકલાંગ વ્યક્તિના જીવનમાં સુધારો લાવવા માટે ભારતે **Right of Persons with Disabilities Act, 2016** બનાવ્યો હતો.
- આ કાયદા અંતર્ગત સરકારી નોકરીઓમાં દિવ્યાંગ લોકોની અનામતની માત્રા 3% થી વધારી 4% કરવામાં આવી હતી.

## ➤ યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર

- વર્ષ 2020નો યુવા ગણિતશાસ્ત્રીઓ માટેનો રામાનુજન પુરસ્કાર ડૉ. કેરોલિના અરાજુઓ ને આપવામાં આવ્યો.
- તેઓની ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્યોર એન્ડ એપ્લાયડ મેથેમેટિક્સ, રિયો ડી જેનેરિઓની ગણિત શાસ્ત્રી છે.

### યુવા ગણિતશાસ્ત્રીઓ માટે રામાનુજન પુરસ્કાર વિશે



- ઈન્ટરનેશનલ સેન્ટર ફોર થિયોરિટીકલ ફિઝીક્સ અને ઈન્ટરનેશનલ મેથેમેટીકલ યુનિયનના સહયોગથી વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (ભારત સરકાર) દ્વારા આ પુરસ્કાર આપવામાં આવે છે.
- આ પુરસ્કાર અંતર્ગત આપવામાં આવતું ફંડ 'એલ્બેલ ફંડ'ના માધ્યમથી પ્રદાન કરવામાં આવે છે.
- વિકાસશીલ દેશમાં ઉત્કૃષ્ટ સંશોધન કરવા માટે 45 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા યુવા ગણિતશાસ્ત્રીને દર વર્ષે આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર શ્રી નિવાસ રામાનુજનની સ્મૃતિમાં પ્રદાન કરવામાં આવે છે.
- આ પુરસ્કારને 'ICTP રામાનુજન પ્રાઈઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ એવોર્ડ ઈટાલીમાં સ્થિત ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ થિયોરિટીકલ ફિઝીક્સ દ્વારા રજૂ કરવામાં આવે છે.
- પ્રથમ વખત આ પુરસ્કાર વર્ષ 2005માં આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રામાનુજન પુરસ્કાર મેળવનારા ભારતીય ગણિતશાસ્ત્રીઓ

| ક્રમ | વર્ષ | ગણિતશાસ્ત્રી |
|---|---|---|
| 1 | 2006 | રામદોરાઈ સુજાથા |
| 2 | 2015 | અમલેન્દુ ક્રિષ્ના |
| 3 | 2018 | રીતબ્રાતા મુનશી |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ડૉ. કેરોલિના અરાજુઓ

- ડૉ. કેરોલિના અરાજુઓ આ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પ્રથમ બિન-ભારતીય મહિલા ગણિતશાસ્ત્રી છે.
- તેઓએ બાયરેશનલ જિઓમેટ્રી, એલ્જેબ્રિક જિઓમેટ્રી, ફેનો વેરાયટીઝ, ફોલિયેશનમાં વિશેષતા પ્રાપ્ત કરી છે.
- તેઓ ઈન્ટરનેશનલ મેથેમેટીકલ યુનિયનમાં વાઈસ પ્રેસિડેન્ટ છે.

## શ્રી નિવાસ રામાનુજન

- તેઓ એક ભારતીય ગણિતશાસ્ત્રી હતા. તેમણે સંખ્યા સિદ્ધાંત, મેથેમેટીકલ એનાલિસીસ, અનંત શ્રેણીઓ તેમજ સતત અપૂર્ણાંકમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.
- તેમના કાર્યોને અંગ્રેજી ગણિતજ્ઞ હાર્ડી દ્વારા માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 1913માં હાર્ડીએ રામાનુજનને કેમ્બ્રિજ વિશ્વ વિદ્યાલયમાં આમંત્રિત કર્યા હતા.
- શ્રી નિવાસ રામાનુજનનો જન્મ તમિલનાડુ (તત્કાલિન મદ્રાસ પ્રેસિડેન્સી)માં થયો હતો.

## ઈન્ટરનેશનલ મેથેમેટિક યુનિયન (IMU)

- તે આંતરરાષ્ટ્રીય બિન–સરકારી સંસ્થા છે.
- IMU એ ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ મેથેમેટિશિયનનો સભ્ય છે.
- તે વિશ્વમાં ગણિતના ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટે સમર્પિત સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## ➢ ઈરાન, ભારત અને ઉઝબેકિસ્તાન ચાબહાર બંદર પર પ્રથમ ત્રિપક્ષીય બેઠકનું આયોજન કરશે

- ભારત, ઈરાન અને ઉઝબેકિસ્તાન ચાબહાર બંદર ઉપયોગના મુદ્દા પર પ્રથમ ત્રિપક્ષીય બેઠકનું આયોજન કરશે.
- આ બેઠકમાં વિભિન્ન દ્વિપક્ષીય મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય આતંકવાદ કન્વેન્શન પર ચર્ચા કરવામાં આવશે.
- તેનાથી વિવિધ ક્ષેત્રોમાં નવા આર્થિક અવસર વધશે.

### ચાબહાર બંદર

- ચાબહાર બંદર **ઓમાનની ખાડી પર દક્ષિણ-પૂર્વીય ઈરાનમાં સ્થિત** એક બંદર છે.
- ચાબહાર બંદરમાં **શાહિદ કલંત્રી** અને **શાહિદ બેહેશ્તી** જેવા બંદરોનો સમાવેશ પણ થાય છે.
- આ ભારતને ઈરાન અને અફઘાનિસ્તાન સાથે જોડાણ પૂરું પાડે છે.
- આ બંદર **ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન દ્વારા સંયુક્ત રૂપે વિકસિત કરવામાં** આવ્યું છે.

### ઉઝબેકિસ્તાન

- તે મધ્ય એશિયાઈ દેશ છે.
  રાજધાની : **તાશકંદ**
  ચલણ : **ઉઝબેકિસ્તાન સોમ**
- તે **કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, અફઘાનિસ્તાન** અને **તુર્કમેનિસ્તાન** દ્વારા સીમાબદ્ધ દેશ છે.
  રાષ્ટ્રપતિ : **શવાકત મિર્ઝિયોએવ**

### ઈરાન

- ઈરાન પશ્ચિમ એશિયામાં સ્થિત છે.
  રાજધાની : **તેહરાન**
- ઈરાનની સીમા અફઘાનિસ્તાન, આર્મેનિયા, અઝરબૈઝાન, ઈરાક, પાકિસ્તાન, તુર્કી અને તુર્કમેનિસ્તાન જેવા દેશો સાથે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ યુનેસ્કો 'રચનાત્મક અર્થવ્યવસ્થા'ના ક્ષેત્રમાં શેખ મુજીબુર રહેમાનના નામ પર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર શરૂ કરશે

- 'રચનાત્મક અર્થવ્યવસ્થા'ના ક્ષેત્રમાં યુનેસ્કોએ વર્ષ 2021થી શેખ મુજીબુર રહેમાનના નામ પર એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.
- આ પુરસ્કાર 'રચનાત્મક અર્થવ્યવસ્થા'ના ક્ષેત્રમાં સાંસ્કૃતિક શ્રમિકો અને સંગઠનોને અસાધારણ કાર્યો માટે પ્રોત્સાહિત કરશે.
- આ પુરસ્કાર અંતર્ગત 50 હજાર ડોલર રૂપિયા આપવામાં આવશે.
- આ વર્ષે બાંગ્લાદેશ શેખ મુજીબુર રહેમાનની 'જન્મશતાબ્દી' વર્ષ મનાવી રહ્યું છે.
- યુનેસ્કોએ વર્ષ 2021ને 'સતત વિકાસ માટે રચનાત્મક અર્થવ્યવસ્થાના આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે ઘોષિત કર્યું છે.
- વર્તમાનમાં યુનેસ્કો આંતરરાષ્ટ્રીય લોકો અને સંગઠનોના નામ પર 23 આંતરરાષ્ટ્રીય પુરસ્કારો આપે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શેખ મુજીબુર રહેમાન

- શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ હતા અને તેમણે બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે પણ કામ કર્યું છે.
- શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશમાં 'રાષ્ટ્રપિતા'ના નામે જાણીતા છે.
- તેઓએ બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને બાંગ્લાદેશના લોકો તેમને 'બંગબંધુ' ઉપનામથી પણ ઓળખે છે.

### રચનાત્મક અર્થવ્યવસ્થા (Creative Economy)

- આ એક એવી આર્થિક વ્યવસ્થા છે જે જમીન, મૂડી અને મજૂર જેવાં પરંપરાગત પરિબળોના બદલે સર્જનાત્મક કલ્પનાના ઉપયોગ પર વધુ ભાર મૂકે છે.
- વર્ષ 2001માં જ્હોન હોકિન્સ દ્વારા આ અર્થવ્યવસ્થાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો.

## ICE Questions

1. ‘રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન’ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 12 ડિસેમ્બર (B) 13 ડિસેમ્બર (C) 14 ડિસેમ્બર (D) 15 ડિસેમ્બર **(C)**

2. ભારતમાં ઊર્જા સંરક્ષણ અધિનિયમ ઊર્જા કાર્યક્ષમતા બ્યૂરો (BEE) દ્વારા કયા વર્ષમાં લાગુ કરવામાં આવ્યો હતો.
(A) વર્ષ 2000 (B) વર્ષ 2001 (C) વર્ષ 2002 (D) વર્ષ 2003 **(B)**

3. સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ સમિટની નવમી આવૃત્તિનું આયોજન તાજેતરમાં ભારતમાં ક્યાં કરવામાં આવ્યું હતું ?
(A) નૈનીતાલ (B) પાટલીદૂન (C) શિમલા (D) દહેરાદૂન **(D)**

4. તાજેતરમાં નેશનલ સેન્ટર ફોર દિવ્યાંગ એમ્પાવર્મેન્ટ (NCDE)ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
(A) SRP (B) CRPF (C) NSS (D) BSF **(B)**

5. તાજેતરમાં CRPF દ્વારા સ્થાપવામાં આવેલ નેશનલ સેન્ટર ફોર દિવ્યાંગ એમ્પાવર્મેન્ટ કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) તેલંગાણા (B) આંધ્રપ્રદેશ (C) તમિલનાડુ (D) કેરળ **(A)**

6. દેશમાં વિકલાંગ વ્યક્તિના જીવનમાં સુધારો લાવવા માટે Right of Person with Disabilities Act કયા વર્ષમાં ઘડવામાં આવ્યો હતો ?
(A) વર્ષ 2015 (B) વર્ષ 2016 (C) વર્ષ 2017 (D) વર્ષ 2018 **(B)**

7. તાજેતરમાં વર્ષ 2020 માટેનો રામાનુજન પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો હતો ?
(A) ડૉ. કેરોલિના અરાજુઓ (B) રામદોરાઈ સુજાથા
(C) અમલેન્દુ ક્રિષ્ના (D) રીતબ્રાતા મનુશી **(A)**

8. ‘રામાનુજન પુરસ્કાર’ના સંદર્ભમાં ખોટું વિધાન જણાવો ?
(A) આ પુરસ્કાર યુવા ગણિતશાસ્ત્રીને એનાયત કરવામાં આવે છે.
(B) આ પુરસ્કાર અંતર્ગત આપવામાં આવતું ફંડ ‘એલ્બેલ ફંડ’ના માધ્યમથી પ્રદાન કરવામાં આવે છે.
(C) રામાનુજન પુરસ્કાર મેળવનારા પ્રથમ ભારતીય વ્યક્તિ રામદોરાઈ સુજાતા છે.
(D) આજ દિન સુધી કુલ 5 ભારતીય ગણિતશાસ્ત્રીઓને રામાનુજન પુરસ્કાર મળી ચૂક્યો છે. **(D)**

9. ચાબહાર બંદર કયા દેશમાં સ્થિત છે ?
(A) ઈરાક (B) ઈરાન (C) અફઘાનિસ્તાન (D) તુર્કમેનિસ્તાન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** યુનેસ્કો કયા વર્ષથી 'રચનાત્મક અર્થવ્યવસ્થા'ના ક્ષેત્રમાં શેખ મુજીબુર રહેમાનના નામ પર આંતરરાષ્ટ્રીય પુરસ્કાર શરૂ કરશે ?

(A) વર્ષ 2020 (B) વર્ષ 2022 (C) વર્ષ 2023 (D) વર્ષ 2021 **(D)**

**11.** 'રચનાત્મક અર્થવ્યવસ્થા'નો ખ્યાલ સૌપ્રથમ કોના દ્વારા આપવામાં આવ્યો હતો ?

(A) જ્હોન હોકિન્સ (B) એડમ સ્મિથ

(C) પોલ સેમ્યુલ્સન (D) આલ્ફ્રેડ માર્શલ **(A)**



## 15 DECEMBER, 2020 TUESDAY

### ➤ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલમાં એક્સપર્ટ મેમ્બરપદે ગુજરાત કેડરના IFS ડૉ. અરૂણ કુમાર વર્માની નિમણૂક કરાઈ



- નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)માં એક્સપર્ટ મેમ્બર તરીકે ભારત સરકારની અપોઈન્ટમેન્ટ કમિટી દ્વારા ગુજરાત કેડરના IFS ડૉ. અરૂણ કુમાર વર્માની નિમણૂક કરવામાં આવી છે.
- ડૉ. વર્મા અગાઉ ભારત સરકારના ઊર્જા મંત્રાલયમાં જોઈન્ટ સેક્રેટરી રહી ચૂકયા છે.
- ડૉ. અરૂણ કુમાર વર્મા વર્ષ 1986ની બેચના IFS અધિકારી છે. ગુજરાતમાંથી આ પદે પહોંચનારા તેઓ પ્રથમ અધિકારી છે.
- NGTમાં ત્રણ એક્સપર્ટ મેમ્બર હોય છે જેઓ જ્યુડિશરીમાંથી આવતા મેમ્બર્સને ટેક્નીકલ વિષયોમાં એડવાઈઝ પૂરી પાડતા હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ 1 જાન્યુઆરીથી GSTR-3Bના રિટર્ન હવે કવાર્ટરલી, એટલે કે 4 રિટર્ન ફાઈલ કરવાના થશે

- ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (GST) તા. 1 જાન્યુઆરી, 2021થી કરદાતાઓ સેલ્ફ એસેસમેન્ટના આધારે કરવેરાની બાકી રકમ ચૂકવી શકશે.
- વેપારીઓને દર મહિને રિટર્ન ફાઈલ કરવાની જટિલ પ્રક્રિયામાંથી છૂટકારો મળશે અને સેલ્ફ એસેસમેન્ટના આધારે ટેક્સ ભરપાઈ કરી શકશે.
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા GST કરદાતાઓ માટે તા. 1 જાન્યુઆરી, 2021થી નવી કવાર્ટરલી રિટર્ન એન્ડ મંથલી પેમેન્ટ સ્કીમ (QRMP) અમલમાં મૂકાશે અને તેના પરિણામે તમામ કરદાતાઓએ આખા વર્ષમાં હાલ 12 રિટર્નને બદલે 4 રિટર્ન ફાઈલ કરવાના રહેશે.

## ➢ રેડ ચેનલ એગ્રીમેન્ટ શું છે ?

- 'ઈમરજન્સી મેડિકલ ટીમ પહેલના અમલ માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અને IFRC (ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ સોસાયટીઝ) વચ્ચે રેડ ચેનલ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

### ઈમરજન્સી મેડિકલ ટીમ પહેલ શું છે ?

- આ પહેલ માનવતાવાદી સંકટ દરમિયાન આરોગ્ય અને કટોકટીની તબીબી સેવાઓના વિતરણને મજબૂત બનાવે છે.
- આ સંસ્થાઓને કટોકટી દરમિયાન પ્રતિસાદને મજબૂત બનાવવા અને ક્ષમતા નિર્માણમાં વધારો કરે છે.
- આ કરારથી WHO રેડ ક્રેસન્ટ સોસાયટીઓ અને નેશનલ રેડ ક્રોસ સોસાયટીઓને વધારે મદદ પૂરી પાડશે.
- આ કરાર બે આંતરરાષ્ટ્રીય સંગઠનો વચ્ચે ખાસ કરીને ધોરણો, સંકલન અને જવાબદારીમાં વધુ સુમેળ સાધવામાં મદદ કરશે.

### ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ સોસાયટીઝ (IFRC)

- IFRC એ એક માનવતાવાદી સહાયક સંસ્થા છે જે આપત્તિઓનો ભોગ બનેલા લોકોને સહાયતા અને રાહત સામગ્રી પૂરી પાડે છે.
- લગભગ 192 દેશો IFRCના સભ્યો છે.

  સ્થાપના : 1919

  મુખ્યમથક : જિનિવા, સ્વિટ્ઝરલેન્ડ
- IFRCમાં નિર્ણય આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના આધારે લેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ કે. વી. કામથ સમિતિ શું છે ?




- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ કે. વી. કામથની અધ્યક્ષતા હેઠળ પાંચ સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરી હતી.
- કે. વી. કામથ ICICI બેંકના પૂર્વ CEO હતા.
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં જ સૂચિત કર્યું છે કે તે TLTRO (Targeted Long-Term Repo Operations) યોજના હેઠળ 26 તણાવવાળા ક્ષેત્રોને આવરી લેવાની છે.
- આ 26 તણાવવાળા ક્ષેત્રોની ઓળખ કે. વી. કામથ સમિતિ દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મુખ્ય બાબતો

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તણાવપૂર્ણ ક્ષેત્રોને ધિરાણ સહાય આપવા માટે બેંકોને ECLGS 2.0 (Emergency Credit Line Guarantee Scheme) અને TLTRO (Targeted Long-Term Repo Operations) સ્કીમ જેવી યોજનાઓથી નાણાં મેળવવા નિર્દેશ આપ્યો છે.
- TLTRO સ્કીમ અંતર્ગત બેંકો કોર્પોરેટ બોન્ડ્સ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ અને વિશિષ્ટ ક્ષેત્રોમાં સંસ્થાઓ દ્વારા જારી કરવામાં આવેલા વાણિજ્યિક પત્રોમાં રોકાણ કરી શકે છે.
- TLTRO યોજના નાના અને મધ્યમ કદના કોર્પોરેટરો, માઈક્રો ફાયનાન્સ સંસ્થાઓ અને નોન–બેંકિંગ ફાયનાન્સિયલ કોર્પોરેશનોમાં તરલતા લાવવા માટે જાહેર કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકારની કે. વી. કામથ સમિતિ દ્વારા ઓળખવામાં આવેલા 26 તણાવગ્રસ્ત ક્ષેત્રોમાં 100% કોલેટરલ ફ્રી એડીશનલ ક્રેડિટ આપવા માટે ECLGS 2.0નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## ➤ એડ્વાન્સ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (ATAGS)

- સ્વદેશ નિર્મિત એડ્વાન્સ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (ATAGS)ના ઉપયોગકર્તા પરીક્ષણને ડિસેમ્બર 2020માં ફરીથી શરૂ કરવામાં આવશે.
- બંદૂક બેરલ ફાટવાને કારણે સપ્ટેમ્બર 2020માં ATAGSના પરીક્ષણને અટકાવવામાં આવ્યું હતું.
- બેરલ ફાટ્યા બાદ વિસ્ફોટનું કારણ જાણવા માટે ભારતીય સેનાના પ્રતિનિધિઓ, DRDOના વૈજ્ઞાનિકો અને ઓર્ડેનન્સ ફેક્ટરી બોર્ડના અધિકારીઓ સાથે એક સમિતિ બનાવવામાં આવી હતી.
- આ બંદૂકો **શિયાળામાં પરીક્ષણ** માટે **બાલાસોર પરીક્ષણ રેન્જમાં મોકલવામાં આવશે.**
- હાલમાં, ભારત સરકાર **ઈઝરાયેલ પાસેથી 1,580 ATAGSની આયાત કરશે.**

## Advanced Towed Artillery Gun System (ATAGS)

- એડ્વાન્સ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ એ એક હોવિત્ઝર છે, જેને **સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)** દ્વારા ભારતીય સેના માટે વિકસિત કરવામાં આવી છે.
- આ **155 mm / 52 કેલિબર આર્ટિલરી ગન DRDO એ ભારત ફોર્જ (કલ્યાણી ગ્રૂપ)** અને **ટાટા પાવર SED** સાથે મળીને વિકસાવી છે.
- ATAGS પ્રોજેક્ટને DRDO દ્વારા વર્ષ 2013માં શરૂ  કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2017માં આ બંદૂકે 47.2 કિલોમીટર ના અંતરે રાઉન્ડ ફાયરિંગ કરીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય નેવીનું હિમગીરી શિપ



- ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE)એ હાલમાં ભારતીય નૌસેના માટે હિમગીરી નામના જહાજનું લોન્ચિંગ કર્યું હતું.
- આ જહાજ પ્રોજેક્ટ 17 A અંતર્ગત લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ શિપને હુગલી નદીમાં ઉતારવામાં આવ્યું હતું.
- તે એક નીલગીરી વર્ગનું સ્ટીલ્થ ફ્રિગેટ છે.

### પ્રોજેક્ટ 17A વિશે

- આ પ્રોજેકટને કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2015માં મંજૂરી આપવામાં આવી હતી.
- આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય નૌસેનાને કુલ 7 અદ્યતન ફ્રિગેટ્સ આપવામાં આવશે.
- આમાંના ચાર ફ્રિગેટ્સનું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવશે અને 3 ફ્રિગેટ્સનું નિર્માણ GRSE દ્વારા કરવામાં આવશે.
- આ પ્રોજેકટની કુલ કિંમત આશરે 7 અબજ ડોલર છે.
- પ્રોજેક્ટ 17Aના જહાજો ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ્સ છે. તેમાંના દરેક જહાજ 149 મીટર લંબાઈના છે.
- જહાજો આશરે 6,670 ટન વજન ખેંચી શકવાની ક્ષમતા ધરાવે છે તેમજ 28 નોટ્સની ગતિ ધરાવે છે.
- આ તમામ જહાજો સ્વદેશી રીતે વિકસિત સ્ટીલની મદદથી બનાવવામાં આવી રહયા છે.

### હિમગીરી શિપ

- GRSE દ્વારા બનાવવામાં આવેલા ત્રણ શિપો પૈકી તે પ્રથમ છે.
- પ્રોજેક્ટ 17A અંતર્ગતના આ શિપો અદ્યતન સેન્સર, સ્વદેશી શસ્ત્રોથી સજ્જ અને ગેસ પ્રપલ્શનથી પણ સજ્જ છે.
- અગાઉ હિમગીરીને વર્ષ 1974માં ભારતીય નૌકાદળમાં કાર્યરત કરવામાં આવ્યું હતું અને વર્ષ 2005માં સેવામાંથી દૂર થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નિલગીરી કલાસ ફ્રિગેસ

- તે લિએન્ડર વર્ગનો અપડેટ કરેલ વર્ગ છે.
- ફ્રિગેટએ એક પ્રકારનું યુદ્ધ જહાજ છે જે સમય જતાં જુદી જુદી ભૂમિકાઓ નિભાવે છે.
- ઉપરાંત, ફ્રિગેટ્સ વિવિધ કદનાં હોય છે.
- ભારતીય નૌકાદળમાં નિલગીરી વર્ગના ફ્રિગેટ્સમાં હિમગીરી, ઉદયગીરી, દુનાગીરી, વિંધ્યાગીરી અને તારાગીરીનો સમાવેશ થાય છે.
- આ જહાજોનું નામ ભારતનાં પહાડો પરથી રાખવામાં આવે છે.




## ICE ? Questions

1. નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલમાં એકસપર્ટ મેમ્બરપદે તાજેતરમાં ગુજરાત કેડરના કયા અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી ?
(A) ડૉ. વરૂણ કુમાર વર્મા (B) ડૉ. અરૂણ કુમાર વર્મા
(C) ડૉ. વરૂણ કુમાર શર્મા (D) ડૉ. અરૂણ કુમાર શર્મા **(B)**

2. નવી કવાર્ટરલી રિટર્ન એન્ડ મંથલી પેમેન્ટ સ્કીમ (QRMP) અંતર્ગત કરદાતાઓએ આખા વર્ષમાં કેટલા રિટર્ન ફાઈલ કરવાના રહેશે ?
(A) 12 (B) 6 (C) 4 (D) 3 **(C)**

3. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ સોસાયટીઝ (IFRC)નું મુખ્યમથક કયું છે ?
(A) જિનિવા (B) ન્યૂયોર્ક (C) વોશિંગ્ટન (D) બર્લિન **(A)**

4. કે. વી. કામથ સમિતિમાં કુલ કેટલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો ?
(A) 5 (B) 6 (C) 3 (D) 4 **(A)**

5. કે. વી. કામથ કઈ બેંકના CEO હતા ?
(A) HDFC (B) SBI (C) ICICI (D) દેના બેંક **(C)**

6. કે. વી. કામથ સમિતિએ કુલ કેટલા તણાવવાળા ક્ષેત્રોની ઓળખ કરી હતી ?
(A) 22 (B) 26 (C) 24 (D) 25 **(B)**

7. એડ્વાન્સ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ (ATAGS) ભારત કયા દેશ પાસેથી આયાત કરશે ?
(A) અમેરિકા (B) રશિયા (C) ફ્રાન્સ (D) ઈઝરાયેલ **(D)**

8. તાજેતરમાં ભારતીય નેવી માટે લોન્ચ કરાયેલ હિમગીરી શિપ કયા પ્રોજેકટ અંતર્ગત તૈયાર કરાયું હતું ?
(A) પ્રોજેકટ 75A (B) પ્રોજેકટ 70A (C) પ્રોજેકટ 17A (D) પ્રોજેકટ 16A **(C)**

9. પ્રોજેકટ 17A અંતર્ગત હિમગીરી નામના શિપને તાજેતરમાં કઈ નદીમાં ઉતારવામાં આવ્યું હતું ?
(A) ગોદાવરી (B) હુગલી (C) દામોદર (D) કાવેરી **(B)**

10. નીચેના પૈકી ખોટું વિધાન જણાવો ?
(A) ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા ભારતીય નૌસેના માટે હિમગીરી નામના જહાજનું લોન્ચિંગ કર્યું હતું.
(B) પ્રોજેકટ 17A અંતર્ગત ભારતીય નૌસેનાને કુલ 7 અદ્યતન ફ્રિગેટ આપવામાં આવશે.
(C) ફ્રિગેટ એ એક પ્રકારનું યુદ્ધ જહાજ છે.
(D) નિલગીરી કલાસના ફ્રિગેટોના નામ ભારતમાં નદીઓ પરથી રાખવામાં આવે છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**16 DECEMBER, 2020 WEDNESDAY**

## ➤ દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)



- ભારતમાં દર વર્ષે 16 ડિસેમ્બરને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 1971માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં 16 ડિસેમ્બર ના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનથી આઝાદ થઈ ગયું હતું અને 'બાંગ્લાદેશ' નામના એક નવા જ દેશનું સર્જન થયું હતું.
- આથી, દર વર્ષે 16 ડિસેમ્બર બાંગ્લાદેશમાં પણ 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.
- આ યુદ્ધ દરમિયાન ભારતીય સૈન્યના વડા જનરલ માણેકશા હતા તથા વડાપ્રધાન પદે શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.

**ICE FACT :**

- ભારતમાં 16 ડિસેમ્બર 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.
- 26 જુલાઈ, 1999ના રોજ કારગિલ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. આથી, દર વર્ષે 26 જુલાઈના રોજ ભારતમાં 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વડાપ્રધાને વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો

- 15 ડિસેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધોરડો (કચ્છ)ના સફેદ રણમાંથી ખાવડા વિઘાકોટની વચ્ચે 72,600 હેક્ટરમાં ઊભા થનારા વિશ્વના સૌથી મોટા 30 હજાર મેગાવોટના હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક, સરહદ ડેરીના દૂધ વિસ્તરણ પ્રકલ્પ અને ગુંદિયાળીમાંડવી તથા દહેજ, સૌરાષ્ટ્રના દ્વારકા, ગીર સોમનાથ સહિતના 37 એમએલડી ડિસેલિનેશન પ્લાન્ટનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કર્યો હતો.
- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ખાસ ઉપસ્થિત રહયા હતા.

## વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાર્ક

- આ રિન્યૂએબલ એનર્જી પાર્કની **ક્ષમતા 30 GW (30,000 MW)**ની છે.
- **પવન અને સૌરઊર્જા બંને સાથેનો આ પ્રકારનો તે પ્રથમ** પાર્ક છે.
- આ પાર્ક **કચ્છના ખાવડા ખાતે ભારત-પાકિસ્તાન સરહદ** પર સ્થિત છે.
- **72,600 હેક્ટર વિસ્તારની ફાજલ જમીનનું આ પ્રકારના પ્રથમ હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કમાં રૂપાંતરણ** કરવામાં આવશે.
- **વર્ષ 2030 સુધીમાં 450 GW (4,50,000 MW) ઊર્જા ઉત્પન્ન કરવાના** આપણા પ્રધાનમંત્રીશ્રીના વિઝનને પૂર્ણ કરવામાં તે મુખ્ય ભૂમિકા ભજવશે.
- તે દર વર્ષે 5 કરોડ ટન કાર્બન ડાયોક્સાઈડ પેદા થતો અટકાવશે.

## ડિસેલિનેશન પ્લાન્ટ

- **કચ્છના માંડવી** ખાતે **દૈનિક 10 કરોડ લિટરની ક્ષમતા સાથે ડિસેલિનેશન પ્લાન્ટ** સ્થાપવાની આ દીર્ઘદષ્ટિભરી પહેલ છે.
- ગુજરાતના 5 ડિસેલિનેશન પ્લાન્ટ્સ પૈકીનો આ માંડવી ખાતેનો ડિસેલિનેશન પ્લાન્ટ એક છે. ગુજરાતના અન્ય ડિસેલિનેશન પ્લાન્ટ નીચે મુજબ છે :

| સ્થળ | દૈનિક ડિસેલિનેશન ક્ષમતા |
|---|---|
| દહેજ | 100 MLD |
| દ્વારકા | 70 MLD |
| ઘોઘા (ભાવનગર) | 70 MLD |
| ગીર સોમનાથ | 30 MLD |

MLD = મેગાલિટર / દિવસ

- આ **પ્લાન્ટ પૂર્ણ થયા બાદ ગુજરાતની ડિસેલિનેશન ક્ષમતા દૈનિક 37 કરોડ લિટર** થઈ જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ વનીકરણ માટેની મિયાવાકી પદ્ધતિ

- **પંજાબ રાજ્ય પોલીસનું માણસા યુનિટ મિયાવાકી જંગલો** વિકસાવી રહયું છે. ઉપરાંત, **બેંગાલુરુના હેન્નાગરા તળાવ**ને મિયાવાકી જંગલો સાથે નવજીવન મળવાનું છે.
- મિયાવાકી જંગલ એ **જાપાનમાં વિકસાવાયેલ વનીકરણ પદ્ધતિ** છે. આ પદ્ધતિ અંતર્ગત **ઓછા વિસ્તારમાં ઓછા સમયમાં ગાઢ જંગલનું નિર્માણ** કરવામાં આવે છે. આ પદ્ધતિ ખાસ કરીને **શહેરી વિસ્તારોમાં ગ્રીનકવર વધારવા માટે વપરાય** છે.

### મિયાવાકી વનીકરણ પદ્ધતિ વિશે

- તેને **'પોટેડ સીડલિંગ મેથડ'** પણ કહેવામાં આવે છે.
- આ પદ્ધતિનો ઉપયોગ ગાઢ બહુસ્તરીય જંગલોનું નિર્માણ કરવા માટે થાય છે.
- આ પદ્ધતિ જાપાનના **વનસ્પતિશાસ્ત્રી 'અકીરા મિયાવાકી'**એ વિકસાવી હતી જેના નામ પર આ પદ્ધતિને ઓળખવામાં આવે છે.
- તેમાં ઓછા વિસ્તારમાં છોડવાઓ વાવવામાં આવે છે.
- કેરળના વન વિભાગે સરકારી શાળાઓ, કચેરીઓ અને નકામી જમીનોને ઉપયોગમાં લેવા મિયાવાકી વનીકરણ પદ્ધતિ અપનાવી છે. શહેરોમાં મિનિ-વનોના નિર્માણ માટે આ પદ્ધતિ આદર્શ છે.
- આ પદ્ધતિ અંતર્ગત સૂર્યપ્રકાશ જમીન પર પહોંચતા અટકે છે તેથી નીંદણની આવશ્યકતા પણ ઘટે છે.
- આ પદ્ધતિનો ઉપયોગ કરીને ફકત 20થી 30 વર્ષમાં કોઈપણ જગ્યાનું વનમાં રૂપાંતરણ કરી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ વિજ્ઞાન યાત્રા એટલે શું ?

- વિજ્ઞાન યાત્રાએ વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપવા માટેની એક પ્રોત્સાહક પ્રવૃત્તિ છે.
- તે **ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ**ના ભાગરૂપે હાથ ધરવામાં આવી રહી છે.

### વિજ્ઞાનયાત્રા વિશે

- વિજ્ઞાનયાત્રા **ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલની છઠ્ઠી આવૃત્તિની પ્રોત્સાહક પ્રવૃત્તિ** છે.
- આ ફેસ્ટિવલનું આયોજન **વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય** દ્વારા કરવામાં આવ્યું હતું.
- મોબાઈલ વિજ્ઞાન પ્રદર્શન માટે આ પહેલ અંતર્ગત વિવિધ શહેરોમાં વાનોને લીલી ઝંડી આપવામાં આવી હતી. તે તમામ સ્થાનિક સ્કૂલો અને વિશ્વ વિદ્યાલયોને કવર કરશે.
- આવી વિજ્ઞાન યાત્રા માટે સમગ્ર દેશમાંથી લગભગ **30 સ્થળોની ઓળખ** કરવામાં આવી છે.

### ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ (IISF)

- તે વિજ્ઞાન અને ટેક્નોલોજીને પ્રોત્સાહન આપતો ફેસ્ટિવલ છે.
- તે દર્શાવે છે કે વિજ્ઞાન ટૂંકાગાળામાં ભારતને વિકાસના પંથે કઈ રીતે લઈ જઈ શકે છે.
- આ વર્ષે આ ફેસ્ટિવલ નીચેની થીમ હેઠળ યોજનામાં આવ્યો છે :

  **'Science for Self-Reliant India and Welfare'**
- વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે વિજ્ઞાન ભારતી (VIBHA) સાથે મળીને જિજ્ઞાસાને પ્રોત્સાહન આપવા અને શીખવાના અભિગમને વધુ ફાયદાકારક બનાવવા માટે એક અનોખું પ્લેટફોર્મ બનાવ્યું છે. લોકોનું જીવનધોરણ સુધારવા વિજ્ઞાન અને ટેક્નોલોજી કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તેના ઉકેલો શોધવા તે આ ફેસ્ટિવલનો ઉદ્દેશ છે.

## ICE Questions

1. 'વિજય દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર **(B)**

2. 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 26 જૂન (B) 26 સપ્ટેમ્બર (C) 26 એપ્રિલ (D) 26 જુલાઈ **(D)**

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્કનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કયા રાજ્યમાં કર્યો હતો ?
(A) મહારાષ્ટ્ર (B) ગુજરાત (C) રાજસ્થાન (D) ઉત્તરપ્રદેશ **(B)**

4. કચ્છના ખાવડા ખાતે નિર્માણ પામનારા વિશ્વના સૌથી મોટા રિન્યૂએબલ એનર્જી પાર્કની ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા કેટલી હશે ?
(A) 30 GW (B) 20 GW (C) 300 GW (D) 200 GW **(A)**

5. કચ્છના માંડવી ખાતે દૈનિક કેટલા લિટરની ક્ષમતાનો ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવશે ?
(A) 10 કરોડ લિટર (B) 10 લાખ લિટર
(C) 10 હજાર લિટર (D) 1 કરોડ લિટર **(A)**

6. મિયાવાકી નામની વનીકરણ પદ્ધતિ મૂળભૂત કયા દેશમાં વિકસાવવામાં આવી હતી ?
(A) ઈઝરાયેલ (B) દક્ષિણ કોરિયા (C) જાપાન (D) ઈન્ડોનેશિયા **(C)**

7. ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ (ISSF)ની છઠ્ઠી આવૃત્તિની થીમ જણાવો ?
(A) Science for Development in India
(B) Science for Self-Reliant India and Welfare
(C) Science for Atmanirbhar bharat
(D) Science for self-Reliant India and Atmanirbhar bharat **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**17 DECEMBER, 2020 THURSDAY**

## ➤ ગુજરાતમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા કડક પ્રતિબંધ મૂકતા કાયદાનો અમલ શરૂ

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સરકારી, સામાન્ય ખેડૂતોની, ખાનગી વ્યકિતની માલિકીની તેમજ જાહેર ટ્રસ્ટ-ધર્મસ્થાનકોની જમીન ગેરકાયદે કબજો મેળવી લઈ હડપ કરી જનારા ભૂમાફિયાઓ સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવા ગુજરાત - લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટના નિયમો-કાનૂની જોગવાઈઓના કડક અમલની કાર્ય યોજના જાહેર કરી.
- રાજ્ય મંત્રીમંડળે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ-2020ના પ્રસ્તાવને મંજૂર કર્યા બાદ રાજ્યપાલશ્રીની અનુમતિથી આ એકટને વિધેયકનું સ્વરૂપ મળતાં તેની કાયદાકીય જોગવાઈઓ – નિયમોનો હવે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં તાત્કાલિક અસરથી અમલ કરવાનો નિર્ધાર કર્યો છે.

### ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ-2020ની મહત્ત્વની જોગવાઈઓ

- લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવશે.
- જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળના CEO અને અધિકનિવાસી કલેકટર આ સમિતિના સભ્યો રહેશે.
- કમિટીની બેઠક ફરજિયાત પણે દર 15 દિવસે યોજાશે.
- આ કાયદા અન્વયે ગુનાઓની તપાસ નાયબ પોલીસ અધિકક્ષક-Dy.SP દરજ્જાના અધિકારી કરશે.
- કેસોના ઝડપી નિકાલ–ગુનેગારોને કડક સજા અને અસરગ્રસ્ત–નિર્દોષ વ્યકિતને યોગ્ય વળતર માટે વિશેષ અદાલતો ની જોગવાઈ.
- વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો વધુમાં વધુ 6 મહિનામાં નિકાલ કરાશે.

### કાયદામાં કડક સજાની જોગવાઈઓ

- આ કાયદા હેઠળ ગુનેગાર દોષિત ઠરે તો ઓછામાં ઓછી 10 વર્ષ અને વધુમાં વધુ 14 વર્ષની કેદની સજાની કડક જોગવાઈ.
- મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ



**ICE FACAT :**

- જમીન એ બંધારણની રાજયયાદીનો વિષય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ રાજ્યના ગૃહવિભાગની ઈ-ગુજકોપ એપ્લિકેશનને દેશમાં પ્રથમ પુરસ્કાર એનાયત

- દેશના તમામ રાજ્યો–કેન્દ્રશાસિત પ્રદેશમાં સંચાલિત (C.C.T.N.S એપ્લિકેશન અંતર્ગત ગુજરાતના ગૃહવિભાગની ઈ-ગુજકોપ એપ્લીકેશને પ્રથમ ક્રમ હાંસલ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.
- તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ ઓનલાઈન સમારોહમાં ગુજરાતને આ એવોર્ડ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી શ્રી જી. કિશન રેડ્ડીના હસ્તે એનાયત થયો છે.
- ઈ–ગુજકોપના માધ્યમથી સિટીઝન પોર્ટલ અને સિટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ દ્વારા પોલીસની અનેક સેવાઓ નાગરિકોને ઓનલાઈન પૂરી પાડી રાજ્યના નાગરિકોને સુદઢ સલામતીનો અહેસાસ વિવિધ જનહિતલક્ષી યોજનાના લાભો ઘરે બેઠા પૂરા પાડયા છે.
- જેમાં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ F.I.R.ની કોપી, ગુમ થયેલ વ્યક્તિની માહિતી, બિન વારસી લાશની માહિતી, ભાડુઆત, ઘરઘાટી, સિનીયર સિટીઝનની નોંધણી, નાગરિકોના વાંધા પ્રમાણપત્ર, પોલીસ વેરિફિકેશનની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- ઈ–ગુજકોપ પ્રોજેકટ હાલ રાજ્યના તમામ 725 પોલીસ સ્ટેશન અને અન્ય 1348 પોલીસ કચેરીઓ ખાતે કાર્યરત છે.
- ઈ–ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત રાજ્યમાં નોંધાતી તમામ FIR 24 કલાકમાં ઓનલાઈન અપલોડ થાય છે.
- વડાપ્રધાનશ્રીની કચેરી દ્વારા તમામ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોમાં સંચાલિત C.C.T.N.S. એપ્લિકેશનનું દરેક માસના અંતે પ્રગતિ ડેશબોર્ડ અંતર્ગત મૂલ્યાંકન કરવામાં આવે છે.
- તા. 31 મે, 2018થી પ્રગતિ ડેશબોર્ડમાં ગુજરાત સતત પ્રથમ સ્થાને રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACAT :

- CCTNS : Crime and Criminal Tracking Network and Systems

  રચના : 19 જૂન, 2009
- CCTNS કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- F.I.R. : First Information Report

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલની 23મી બેઠક

- કેન્દ્રીય નાણા પ્રધાન શ્રીમતી નિર્મલા સિતારામને તાજેતરમાં ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલની 23મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.
- આ બેઠકમાં કેન્દ્રીય મંત્રીએ નાણાકીય સ્થિરતાના મુદ્દાઓ, ભારત સરકારે લીધેલા નીતિ વિષયક પગલાંઓની સમીક્ષા કરી હતી.
- આ બેઠક દરમિયાન, કાઉન્સિલે RBIના ગવર્નરની અધ્યક્ષતામાં FSDCની સબ કમિટી દ્વારા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓની નોંધ લીધી હતી.
- તેમાં લંડન ઈન્ટરબેંક ઓફર રેટ (LIBOR) આધારિત કરારના પરિવર્તનના કારણે ઊભા થયેલ પડકારો વિશે પણ ચર્ચા કરાઈ હતી.

### ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (FSDC)

- તેની રચના વર્ષ 2010માં કરવામાં આવી હતી.
- તે બિન-વૈધાનિક નાણાકીય નિયમનકારી સંસ્થા છે.
- નાણાકીય સ્થિરતાને લગતી બાબતોમાં તે સર્વોચ્ચ નિર્ણય લેનાર સંસ્થા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### FSDCના સભ્યો

- FSDCના સભ્યો નીચે મુજબ છે :
  - RBIના ગવર્નર,
  - આર્થિક બાબતોના વિભાગના સચિવ,
  - નાણાં મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર,
  - પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી,
  - ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી,
  - ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડના ચેરમેન

### ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલની જવાબદારીઓ

- FSDCની જવાબદારીઓ નીચે મુજબ છે :
- આંતર–નિયમનકારી સંકલન

- નાણાકીય સ્થિરતા
- નાણાકીય સમાવેશ અને નાણાકીય સાક્ષરતા
- નાણાકીય ક્ષેત્રનો વિકાસ

**ICE FACT :**

- ભારતનો ફાયનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ ભારતીય રિઝર્વ બેંક દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

## ➤ Human Development Report, 2020 (માનવવિકાસ અહેવાલ, 2020)




- યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા તાજેતરમાં માનવ વિકાસ અહેવાલ બહાર પાડ્યો હતો.
- માનવ વિકાસ અહેવાલ, 2020 મુજબ ભારત માનવ વિકાસ સૂચકાંક (Human Development Index)માં 189 દેશોમાં 131મા ક્રમે આવ્યો છે.
- ભારતનો માનવ વિકાસ સૂચકાંક 0.640 હતો.
- વર્ષ 2019માં ભારત આ સૂચકાંકની યાદીમાં 129મા ક્રમે રહયો હતો.
- આ વર્ષે આ સૂચકાંકમાં CO2 ઉત્સર્જન અને ભૌતિક ફૂટ પ્રિન્ટ જેવા નવા માપદંડો સામેલ કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### માનવ વિકાસ સૂચકાંક (HDI) અંતર્ગત ટોચના દેશો

1. નોર્વે
2. આયરલેન્ડ
3. સ્વિટ્ઝરલેન્ડ
4. હોંગકોંગ
5. આઈસલેન્ડ
6. જર્મની

- વર્ષ 2020ના HDIમાં ચીન 85મા ક્રમે અને પાકિસ્તાન 154મા સ્થાને રહયો હતો.
- માનવ વિકાસ સૂચકાંક જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, મહિલાઓની રાજકીય ભાગીદારી અને માતૃમૃત્યુદર જેવા પરિમાણોના આધારે તૈયાર થાય છે.
- અહેવાલમાં જણાવાયા મુજબ ભારતમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય 69.9 વર્ષ હતું તેમજ માતૃમૃત્યુદર ગુણોત્તર 174નો હતો.

- અહેવાલમાં જણાવાયા મુજબ **ભારતે વર્ષ 2012 અને 2017ની વચ્ચે શિક્ષણ પર તેના GDPના 3.8% ખર્ચ્યા** હતા.
- ભારતમાં **સાક્ષરતા દર 74% છે.**

## માનવ વિકાસ સૂચકાંક અહેવાલ વિશે

- માનવ વિકાસ અહેવાલ, 2020ની થીમ નીચે મુજબ હતી :
  **'Human Development and Anthropocene'**
- માનવ વિકાસ અહેવાલ **સૌપ્રથમ વર્ષ 1990માં ભારતીય નોબેલ વિજેતા અર્થશાસ્ત્રી અમર્ત્યસેન** અને **પાકિસ્તાની અર્થશાસ્ત્રી મહેબૂબ-ઉલ-હક** દ્વારા શરૂ કરાયો હતો.

## ➤ બ્રાંડ ઈન્ડિયા મિશન

- ભારત સરકાર **દેશમાં ઉત્પાદિત ઉત્પાદનોની ગુણવત્તાને પ્રોત્સાહન** આપવા માટે **'બ્રાંડ ઈન્ડિયા મિશન'** શરૂ કરશે.
- બ્રાંડ ઈન્ડિયા મિશનને **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** દ્વારા ચલાવવામાં આવશે.
- બ્રાંડ ઈન્ડિયા મિશન જેવી જ સમાન પોલિસી સ્વિટ્ઝર્લેન્ડ, યુનાઈટેડ સ્ટેટ્સ, જર્મની અને ફ્રાંસ જેવા દેશો ધરાવે છે.

## બ્રાંડ ઈન્ડિયા મિશન વિશે

- બ્રાંડ ઈન્ડિયા પહેલ હેઠળ, ભારતીય અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો બંનેને ભારતમાં ઉત્પાદિત કરવામાં આવતા ઉત્પાદનો વિશે શિક્ષિત કરવામાં આવશે. આ મિશન દ્વારા ભારતના ઉત્પાદનોની ગુણવત્તાની ખાતરી થશે.
- આ મિશનનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવાનો છે.
- બ્રાંડ ઈન્ડિયા પહેલ હેઠળ ભારતમાં ઉત્પાદિત ચીજવસ્તુઓને ટેગ આપવામાં આવશે. આ ટેગ પ્રાપ્ત કરવા માટે, ઉત્પાદિત વસ્તુએ દેશના સૂચવેલ આરોગ્ય અને સલામતી ધોરણોનું પાલન કરવું જરૂરી છે.
- ઉપરાંત, વિવિધ કંપનીઓએ તેમનું મુખ્યમથક ભારતમાં રાખવું જરૂરી છે. આ સાથે ભારતમાં ઉત્પાદિત ઉત્પાદનને **'મેડ ઇન ઈન્ડિયા'** ટેગ પ્રાપ્ત થશે.
- આનાથી આર્થિક વિકાસ, નિકાસ અને રોજગારને વેગ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ મિશન અંતર્ગત પ્રમાણપત્ર માટેની પ્રક્રિયા 6 થી 10 દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.
- આ મિશન અંતર્ગત શરૂઆતમાં ટાયર અને રબર ઉદ્યોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

## ➢ ભારતનું પ્રથમ મેરીટાઇમ થિયેટર કમાન્ડ

- વર્ષ 2021માં ભારતનું પ્રથમ મેરીટાઇમ થિયેટર કમાન્ડ (MTC) લોન્ચ થવાનું છે.
- આ MTC 7,516 કિલોમીટર લાંબો દરિયાકિનારો, આખા હિંદ મહાસાગર ક્ષેત્ર અને 1,382 ટાપુઓની દેખરેખ રાખશે. હિંદમહાસાગર ક્ષેત્રમાં ચીનના વધતાં પગપેસારાનો સામનો કરવા આ મહત્ત્વપૂર્ણ પગલું છે.

### મેરિટાઇમ થિયેટર કમાન્ડ (MTC) વિશે

- MTC વેસ્ટર્નનેવલ કમાન્ડ (મુંબઈ), ટ્રાઈ–સર્વિસ અંદામાન અને નિકોબાર કમાન્ડ (પોર્ટબ્લેર), ઈસ્ટર્નનેવલ કમાન્ડ (વિભાગ) અને સાઉથર્ન એરકમાન્ડ (તિરૂવનંતપુરમ્)નો સમાવેશ કરશે.
- MTC ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS)ની આગેવાની હેઠળ સ્ટાફ કમિટીના સંયુકત ચીફને રિપોર્ટ કરશે.
- મેરિટાઈમ થિયેટર કમાન્ડનો મુખ્ય ઉદેશ ભારતીય વાયુસેના, ભારતીય નૌકાદળ, સૈન્ય અને કોસ્ટગાર્ડની સંપત્તિને એકીકૃત કરવાનો છે.

**ICE FACT :**

- ભારતમાં હાલ 17 સિંગલ-સર્વિસ કમાન્ડ છે. જેમાનાં 7 આર્મીના કમાન્ડ, નેવીના 3 કમાન્ડ અને ભારતીય વાયુસેનાના 7 કમાન્ડનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-2020' અંતર્ગત મળતી ફરિયાદોની ચકાસણી માટે કોની અધ્યક્ષતામાં કમિટીની રચના કરવામાં આવશે ?
   (A) જિલ્લા કલેક્ટર (B) જિલ્લા વિકાસ અધિકારી
   (C) જિલ્લા પોલીસ અધિક્ષક (D) મ્યુનિસિપલ કમિશનર
   **(A)**

2. 'ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ–2020' અન્વયે ગુનેગાર દોષિત ઠરે તો ઓછામાં ઓછી અને વધુમાં વધુ કેટલા વર્ષની કેદની સજાની જોગવાઈ છે ?
   (A) ઓછામાં ઓછા 5 વર્ષ, વધુમાં વધુ 14 વર્ષ
   (B) ઓછામાં ઓછા 8 વર્ષ, વધુમાં વધુ 10 વર્ષ
   (C) ઓછામાં ઓછા 10 વર્ષ, વધુમાં વધુ 14 વર્ષ
   (D) ઓછામાં ઓછા 7 વર્ષ, વધુમાં વધુ 10 વર્ષ
   **(C)**

3. ગુજરાત રાજ્યની કઈ એપ્લિકેશનને તાજેતરમાં સમગ્ર દેશમાં પ્રથમ નંબર મળ્યો હતો ?
   (A) ઈ–ધરા (B) ઈ–તીર્થગ્રામ (C) ઈ–સોફ્ટકોન (D) ઈ–ગુજકોપ
   **(D)**

4. CCTNS પ્રોજેક્ટ કેન્દ્ર સરકારના કયા મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે ?
   (A) નાણા મંત્રાલય (B) ગૃહમંત્રાલય
   (C) રેલવે મંત્રાલય (D) વાણિજ્ય મંત્રાલય
   **(B)**

5. ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલની તાજેતરમાં કેટલામી બેઠક યોજાઈ હતી ?
   (A) 22 (B) 23 (C) 24 (D) 25
   **(B)**

6. ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્યોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
   (A) RBIના ગવર્નર
   (B) આર્થિક બાબતોના વિભાગના સચિવ
   (C) નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર
   (D) નાણામંત્રી
   **(D)**

7. માનવ વિકાસ સૂચકાંક (HDI) 2020માં ભારત કેટલામા ક્રમે આવ્યો છે ?
   (A) 129 (B) 130 (C) 131 (D) 132
   **(C)**

8. માનવ વિકાસ અહેવાલ કોના દ્વારા બહાર પાડવામાં આવે છે ?
   (A) યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (B) UNICEF
   (C) UNESCO (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં
   **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. માનવ વિકાસ સૂચકાંક (HDI) 2020 અંતર્ગત વિશ્વમાં પ્રથમ ક્રમે કયો દેશ રહયો હતો ?
   (A) આયરલેન્ડ (B) નોર્વે (C) સ્વિટ્ઝરલેન્ડ (D) આઈસલેન્ડ **(B)**

10. માનવ વિકાસ અહેવાલ 2020 અનુસાર ભારતમાં સાક્ષરતા દર કેટલો છે ?
   (A) 74% (B) 76% (C) 78% (D) 72% **(A)**

11. માનવ વિકાસ અહેવાલ 2020ની થીમ શું હતી ?
   (A) Human Development and Sustainable Development
   (B) HumanDevelopment for Humanity
   (C) Human Development and Anthropoceme
   (D) human Development During COVID-19 **(C)**

12. 'બ્રાંડ ઈન્ડિયા મિશન' કયા મંત્રાલય અંતર્ગત ચલાવવામાં આવશે ?
   (A) વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય
   (B) ગૃહમંત્રાલય
   (C) નાણા મંત્રાલય
   (D) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય **(A)**

13. ભારતનું પ્રથમ મેરીટાઈમ થિયેટર કમાન્ડ કયા વર્ષમાં લોન્ચ થશે ?
   (A) વર્ષ 2021 (B) વર્ષ 2022 (C) વર્ષ 2023 (D) વર્ષ 2024 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 18 DECEMBER, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 18 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ (International Migrants Day) (2) અરેબિક ભાષા દિવસ

- સમગ્ર વિશ્વમાં 18 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ દર વર્ષે 18 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સ્થળાંતર કરનારા લોકોના અધિકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.
- નોંધપાત્ર છે કે, 18 ડિસેમ્બર, 1990ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના સ્થળાંતર (પ્રવાસ) કરનારા કામદારો અને તેમના પરિવારના સભ્યોની સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં ઠરાવ અપનાવવામાં આવ્યો હતો.
- 2020ના આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસની થીમ – 'Reimagining Human Mobility' (માનવ ગતિશીલતાનું પુનર્નિર્માણ)

**ICE FACT :**

- 9 જાન્યુઆરીને 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

### ➤ નવા એવાક્સ પ્રોજેક્ટ સહિત રૂ. 28,000 કરોડના કરારોને સંરક્ષણ મંત્રાલયની મંજૂરી

- સંરક્ષણ મંત્રાલયે ચીન અને પાકિસ્તાનની સરહદે બાજ નજર રાખવા સ્થાનિક ધોરણે એરબોર્ન વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ (એવાક્સ) ધરાવતા 6 વિમાન વિકસાવવાના પ્રોજેક્ટ સહિત કુલ રૂપિયા 28,000 કરોડના શસ્ત્રોની ખરીદી માટે પ્રાથમિક મંજૂરી આપી દીધી હતી.
- સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહના અધ્યક્ષપદે મળેલી સંરક્ષણ પ્રાપ્તિ પરિષદે (DAC) સૈન્યની ત્રણેય પાંખો માટે સ્થાનિક ઉદ્યોગો પાસેથી હથિયાર અને ઉપકરણોની ખરીદી માટેના કરારોને મંજૂરી આપી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પ્રસંગે લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા, રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરીવંશ નારાયણ સિંઘ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ સહિતના મંત્રીઓ અને ટાટા ટ્રસ્ટના ચેરમેન રતન ટાટા પણ હાજર રહયા હતા.
- જે કરારોને મંજૂરી આપવામાં આવી તેમાં 11 જેટલા આધુનિક ઓફશોર પેટ્રોલ નૌકા (રૂપિયા 9000 કરોડ), 400 કિ.મી.ની રેન્જ ધરાવતા 38 જેટલા બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ (રૂપિયા 18,000 કરોડ), નૌકાદળ માટે જહાજમાંથી નિયંત્રણ થઈ શકે તેવી માનવરહિત એરિયલ સિસ્ટમ તેમજ સૈન્ય માટેના 40 નવા મોડ્યુલર બ્રિજ ખરીદીનો સમાવેશ થાય છે.

## ➤ 55 વર્ષ પહેલાં બંધ થયેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટ્રેન સેવાનો પ્રારંભ

- ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનાવવા 7 કરાર પર તાજેતરમાં હસ્તાક્ષર થયા હતા અને 1965ના પાકિસ્તાન સાથેના યુદ્ધ બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સ્થગિત કરાયેલી ટ્રેન સેવાનો પુનઃપ્રારંભ કરાયો હતો.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વચ્ચે યોજાયેલી વર્ચ્યુઅલ બેઠકમાં ચિલ્હાટી-હલ્દીબારી રેલવે સેવાનો પ્રારંભ કરવાની સાથે હાઈડ્રોકાર્બન, એગ્રિકલ્ચર અને ટેકસટાઈલ સહિતના સેકટરોમાં સહકાર માટે કરાર કરવામાં આવ્યા હતા.
- ચિલ્હાટી–હલ્દીબારી રેલવે લિન્કના પ્રારંભથી આસામ અને પશ્ચિમ બંગાળની બાંગ્લાદેશ સાથેની કનેક્ટિવિટીમાં વધારો થશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ બાંગ્લાદેશના સ્થાપક મુજીબૂર રહેમાન અને મહાત્મા ગાંધી પરના બંગબંધુ - બાપુ ડિજિટલ પ્રદર્શનનું ઉદ્દઘાટન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ઓફશોર પેટ્રોલ વેસલ 'સક્ષમ'

- ગોવા શિપયાર્ડ લિમિટેડે તાજેતરમાં જ પાંચમી અને અંતિમ ઓફશોર પેટ્રોલ વેસલ ICGS (ઈન્ડિયા કોસ્ટગાર્ડ શિપ) સક્ષમની શરૂઆત કરી હતી.
- તે ઓક્ટોબર 2021 સુધીમાં કાર્યરત થવાની છે.

### ઓફશોર પેટ્રોલ વેસલ સક્ષમ વિશે

- આ પેટ્રોલ વેસલ 30 મીમી બંદૂકોથી સજ્જ છે.
- આ ઓફશોર પેટ્રોલ વેસલ (OPV)નું વજન 2,350 ટન છે.
- તે કટોકટી દરમિયાન ઉપયોગી થઈ શકે છે.
- સમુદ્રી લૂંટ અને બચાવ કામગીરી દરમિયાન આ OPV ક્વિક રિસ્પોન્સ બોટથી સજ્જ છે.
- 'સ્વદેશી ઓફશોર પેટ્રોલ પ્રોજેક્ટ' હેઠળ ICGS સક્ષમ બનાવવામાં આવ્યું છે.
- આ ICGS ભારતના એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ)ના રક્ષણ માટે તૈનાત કરવામાં આવનાર છે.

### સ્વદેશી ઓફશોર પેટ્રોલ પ્રોજેક્ટ

- સ્વદેશી ઓફશોર પેટ્રોલ પ્રોજેક્ટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2016માં શરૂ કર્યો હતો.
- આ પ્રોજેક્ટ અંતર્ગત પાંચ ઈન્ડિયન કોસ્ટગાર્ડ શિપનો સમાવેશ કરાયો છે.
- ICGS સચેત અને ICGS સુજિત નામના બે ઓફશોર પેટ્રોલ વેસલ અગાઉ શરૂ કરી દેવાયા છે.
- ઓગસ્ટ 2020માં, ઈન્ડિયન કોસ્ટગાર્ડ શિપ સાર્થકની શરૂઆત કરવામાં આવી હતી. તે આ શ્રેણીનું ચોથું જહાજ હતું.
- આ શ્રેણીનું ત્રીજું જહાજ ICGS સજાગ નવેમ્બર 2019માં શરૂ કરવામાં આવ્યું હતું.
- આ પાંચેય OPV સમર્થ વર્ગની છે.

**ICE FACT :**

- એલ એન્ડ ટી (L&T) દ્વારા કટુપલ્લી શિપયાર્ડમાં વિક્રમ વર્ગની ઓફશોર પેટ્રોલ વેસલ બનાવવામાં આવી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ નોર્થ ઈસ્ટર્ન રિજન પાવર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ

- આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ તાજેતરમાં નોર્થ ઈસ્ટર્ન રિજન પાવર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટના સુધારેલા ખર્ચ અંદાજને મંજૂરી આપી છે. સુધારેલી અંદાજિત કિંમત 6,700 કરોડ રૂપિયા છે.

### નોર્થ ઈસ્ટર્ન રિજન પાવર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ (NERPSIP) વિશે

- નોર્થ ઈસ્ટર્ન રિજન પાવર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ (NERPSIP)એ **વીજ મંત્રાલય હેઠળની એક કેન્દ્રીય યોજના** છે.
- તે **વર્ષ 2014માં** શરૂ કરવામાં આવી હતી.
- તેનો અમલ **પાવરગ્રીડ** દ્વારા કરવામાં આવી રહ્યો છે જે **વીજમંત્રાલય હેઠળનો જાહેર ક્ષેત્રનો ઉપક્રમ** છે.
- તેને **વિશ્વ બેંક અને ભારત સરકાર** દ્વારા **50 : 50ના ગુણોત્તરમાં ભંડોળ** આપવામાં આવે છે.

## ➢ COVID વેક્સીન ઈન્ટેલિજન્સ નેટવર્ક (CO-WIN) અને COWIN-20

- કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી હતી કે CO-WIN નામની નવી મોબાઈલ એપ્લિકેશન દ્વારા લોકો COVID-19 વેક્સીન માટે સ્વ–નોંધણી કરાવી શકે છે. COVID-19 રસીકરણ માટે તાજેતરમાં જારી કરાયેલ માર્ગદર્શિકાની સાથે આની પણ જાહેરાત કરવામાં આવી હતી.

### CO-WIN એટલે શું ?

- **COVID વેક્સીન ઈન્ટેલિજન્સ નેટવર્ક (CO-WIN)** એ ભારત સરકાર દ્વારા વિકસિત કોવિડ-19 રસીકરણ વિતરણ કાર્યક્રમનું એક ડિજિટલ પ્લેટફોર્મ છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા દિશા–નિર્દેશો અનુસાર COVID વેક્સીન ઈન્ટેલિજન્સ નેટવર્ક પ્રણાલીનો ઉપયોગ વાસ્તવિક સમયના આધાર પર નોંધાયેલ રસીકરણ માટેના લાભાર્થીઓને ટ્રેક કરવા માટે કરવામાં આવશે. CO-WIN એપ્લિકેશનમાં વિવિધ મોડ્યુલો હશે. તેમાં **એડ્મિનીસ્ટ્રેટર મોડ્યુલ, વેક્સિનેશન મોડ્યુલ, રજિસ્ટ્રેશન મોડ્યુલ** તથા **રિપોર્ટ મોડ્યુલનો** સમાવેશ થાય છે.
- આ વિવિધ મોડ્યુલોની મદદથી રસીકરણ યોજનાઓ માટેનો ડેટાબેઝ તૈયાર કરવામાં મદદ મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CO-WIN 20 શું છે ?

- CO-WIN 20 મોબાઈલ એપ્લિકેશન રસીના ડેટાને રેકોર્ડ કરવા, હેલ્થકેર કર્મચારીઓનો ડેટાબેઝ બનાવવા તેમજ COVID-19 રસીની નોંધણી માટે વિકસિત કરવામાં આવી છે.

## ➤ પ્રોજેક્ટ લૂન શું છે ?

- ગૂગલની પેટાકંપની પ્રોજેક્ટ લૂને તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેના બલૂનો (ફુગ્ગાઓ) લગભગ 1 વર્ષથી સ્ટ્રેટોસ્ફિયરમાં સફળતાપૂર્વક રહયા છે.
- આ ફુગ્ગાઓ હિલિયમથી ભરેલા છે અને તેણે લગભગ 2.1 લાખ કિલોમીટરનું અંતર કાપ્યું છે.
- પ્રોજેક્ટ લૂનનો હેતુ વિશ્વના દૂરના ભાગોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરવાનો છે.
- તાજેતરમાં જ લૂને 312 દિવસ હવામાં રહીને સૌથી લાંબી સ્ટ્રેટોસ્ફેરિક ઉડાનનો નવો રેકોર્ડ બનાવ્યો હતો.

## પ્રોજેક્ટ લૂન વિશે

- પ્રોજેક્ટ લૂનનો ઉદ્દેશ દુનિયાના દૂરસ્થ ભાગોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરવાનો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટ્રેટોસ્ફિયરમાં હિલિયમથી ભરેલા ફુગ્ગાઓ રાખવામાં આવે છે. જે એરિયલ વાયરલેસ નેટવર્ક બનાવે છે.
- આ પ્રોજેક્ટમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે ઘણા દેશો અને તેમના તકનીકી ભાગીદારો સાથે સહયોગ કરવામાં આવ્યો છે.

## હિલિયમ ફુગ્ગાઓ



- આ ફુગ્ગાઓ 15 મીટર પહોળા અને 12 મીટર ઊંચા છે.
- આ ફુગ્ગાઓને સ્ટ્રેટોસ્ફિયરમાં પૃથ્વી સપાટીથી 20 કિ.મીની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવ્યા છે.
- ફુગ્ગાઓ સિગ્નલ મેળવવા અને સિગ્નલ ટ્રાન્સમિટ કરવા માટે સેલ ટાવર્સ તરીકે કાર્ય કરશે.
- તેમજ આ ફુગ્ગાઓ તેમાં લાગેલી સોલાર પેનલ દ્વારા કાર્ય કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. "આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ"ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 17 ડિસેમ્બર (B) 18 ડિસેમ્બર (C) 16 ડિસેમ્બર (D) 15 ડિસેમ્બર **(B)**

2. 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ 2020'ની થીમ જણાવો ?
(A) Reimagining human Mobility
(B) Social Cohesion : Recognizing migration is a Benefit that works for All
(C) Migration During Human Conflict
(D) ઉપરોક્ત એક પણ નહીં **(A)**

3. ચિલ્હાટી–હલ્દીબારી રેલવે લિન્ક તાજેતરમાં ભારતે કયા દેશ સાથે 55 વર્ષ બાદ શરૂ કરી હતી ?
(A) નેપાળ (B) મ્યાનમાર (C) ભૂતાન (D) બાંગ્લાદેશ **(D)**

4. ઓફશોર પેટ્રોલ વેસલ 'સક્ષમ' તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનીયર્સ
(B) ગોવા શિપયાર્ડ લિમિટેડ
(C) મઝગાંવ શિપયાર્ડ લિમિટેડ
(D) કટુપલ્લી શિપયાર્ડ **(B)**

5. સ્વદેશી ઓફશોર પેટ્રોલ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્ડિયન કોસ્ટગાર્ડ માટે કેટલા શિપ શરૂ કરવામાં આવી રહયા છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(D)**

6. નોર્થ ઈસ્ટર્ન રિજન પાવર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ વિશે ખોટું વિધાન જણાવો ?
(A) NERPSIPએ વીજમંત્રાલય હેઠળની એક કેન્દ્રીય યોજના છે.
(B) NERPSIP વર્ષ 2014માં શરૂ કરવામાં આવી હતી.
(C) NERPSIPનો અમલ પાવરગ્રીડ દ્વારા કરવામાં આવી રહયો છે.
(D) તેને વિશ્વબેંક અને ભારત સરકાર દ્વારા 75 : 25ના ગુણોત્તરમાં ભંડોળ આપવામાં આવે છે. **(D)**

7. પ્રોજેક્ટ લૂન અંતર્ગત બલૂનો કયા આવરણમાં તરતા મૂકવામાં આવ્યા છે ?
(A) સ્ટ્રેટોસ્ફિયર (B) ટોપોસ્ફિયર
(C) આયનોસ્ફિયર (D) મેઝોસ્ફિયર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**19 DECEMBER, 2020 SATURDAY**

## ➢ દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન

- ભારતમાં દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા પોર્ટુગલ પાસેથી મુક્ત થયું હતું.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ભારતીય આર્મીએ 'ઓપરેશન વિજય' કોડ નામથી એક સૈન્ય ઓપરેશન હાથ ધરીને ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરાવ્યા હતા.
- આથી, દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.
- પોર્ટુગીઝોએ વર્ષ 1510માં ભારતના ઘણા ભાગોમાં તેમની વસાહતો સ્થાપી હતી, પરંતુ 19મી સદીના અંત સુધીમાં ભારતમાં પોર્ટુગીઝ વસાહત ગોવા, દમણ, દીવ, દાદરાનગર હવેલી અને અંજેડિવા ટાપુઓ સુધી સીમિત રહી હતી.
- પોર્ટુગીઝો પાસેથી મુક્ત થયા બાદ ગોવા, દીવ અને દમણને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યા હતા.
- ત્યારબાદ વર્ષ 1987માં ગોવાને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- ગોવાની મુખ્ય ભાષા કોંકણી અને મરાઠી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ રોબર્ટ લેવાન્ડોવસ્કી ફિફા પ્લેયર ઓફ ધ યર બન્યો

- પોલેન્ડના રોબર્ટ લેવાન્ડોવસ્કીએ 2020ના વર્ષનો ફિફા પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ જીતી લીધો હતો.
- ફિફાના વર્ચ્યુઅલ સમારંભનું આયોજન જ્યૂરિચ (સ્વિટ્ઝરલેન્ડ) ખાતે કરવામાં આવ્યું હતું. ફિફાના પ્રમુખ જિયાની ઈન્ફોન્ટિનોએ તેમને આ એવોર્ડ એનાયત કર્યો હતો.
- વિવિધ નેશનલ ટીમના કોચ, સુકાનીઓ, પસંદગી પામેલા પત્રકારો તથા સમર્થકોના વોટિંગના આધારે વિજેતાની પસંદગી કરવામાં આવી હતી.
- લેવાન્ડોવસ્કીએ વર્તમાન સિઝનની 47 મેચમાં 55 ગોલ કરવા ઉપરાંત પોતાની બાયર્ન મ્યુનિચ કલબને ઘણી ઈન્ટરનેશનલ તથા ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી.

## લ્યુસી બ્રોન્ઝને વિમેન્સ બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ

- ઈંગ્લિશ ફૂટબોલર લ્યુસી બ્રોન્ઝને વિમેન્સ કેટેગરીનો પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મળ્યો હતો.
- ફિફા પુરસ્કારમાં ઈંગ્લેન્ડ માટે વ્યકિતગત રીતે આ પ્રથમ એવોર્ડ છે.

**ICE FACT :**

- લિવરપુલના જુર્ગેન કલોપને મેન્સ કેટેગરીમાં બેસ્ટ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.
- બાયર્ન મ્યુનિચના મેન્યુઅલ નૂએરને બેસ્ટ ગોલકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
- FIFA : Federation Internationale de football Association

  સ્થાપના : 21 મે, 1904

  મુખ્યમથક : જ્યૂરિચ, સ્વિટ્ઝરલેન્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EX... ®

## ➤ હ્યુમન ફ્રિડમ ઈન્ડેકસ-2020ની યાદીમાં 162 દેશોમાં ભારત 111મા સ્થાને

- હ્યુમન ફ્રિડમ ઈન્ડકેસ (માનવીય આઝાદી સૂચકાંક)-2020 એ વૈશ્વિક નાગરિક, આર્થિક અને વ્યકિતગત સ્વતંત્રતા સંબંધેનું રેન્કિંગ છે.
- આ રેન્કિંગમાં ભારત વિશ્વના 162 દેશોમાં 111મા ક્રમે રહયું છે.
- વર્ષ 2019ના હ્યુમન ફ્રિડમ ઈન્ડકેસમાં ભારતે 94મું સ્થાન મેળવ્યું હતું.
- અમેરિકાની થિંક ટેન્ક કેટો ઈન્સ્ટિટયૂટે કેનેડાની ફ્રેઝર ઈન્સ્ટિટયૂટ સાથે મળીને માનવીય આઝાદી સૂચકાંક જાહેર કર્યો છે.
- આ સૂચકાંક જાહેર કરવા માટે 76 પરિમાણોનો ઉપયોગ કરાયો હતો.
- ચીન આ રેન્કિંગમાં 129મા ક્રમે છે, બાંગ્લાદેશ 139 અને પાકિસ્તાન 140મું સ્થાન મેળવી શકયું હતું.
- આ ઈન્ડેકસમાં અંતિમ 162મા ક્રમે સીરિયા છે.

## હ્યુમન ફ્રીડમ ઈન્ડેકસ-2020ના ટોચના દેશો

| | | | |
|---|---|---|---|
| 1. ન્યૂઝીલેન્ડ | 2. સ્વિટ્ઝરલેન્ડ | 3. હોંગકોંગ | 4. ડેનમાર્ક |
| 5. ઓસ્ટ્રેલિયા | 111. ભારત | 129. ચીન | 140. પાકિસ્તાન |
| 162. સીરિયા | | | |

## ➤ UNEPનો 2020નો યંગ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ

- **યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામે (UNEP)** તાજેતરમાં જ **સાત પર્યાવરણવિદ્દોને વર્ષ 2020ના યંગ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ** માટે નામાંકિત કર્યા હતા.
- આ **7 પર્યાવરણવિદોમાં ભારતના વિદ્યુત મોહન**નો પણ સમાવેશ થયેલ છે.

### UNEP 2020 યંગ ચેમ્પિયનશીપ ઓફ ધ અર્થ એવોર્ડના વિજેતાઓ

| ક્રમ | પર્યાવરણવિદનું નામ | દેશ |
|---|---|---|
| 1 | વિદ્યુત મોહન | ભારત |
| 2 | ઝામ્બી મટે | કેન્યા |
| 3 | ઝાયુઆન રેન | ચીન |
| 4 | લેફટેરીસ અરાપાકીસ | ગ્રીસ |
| 5 | નીરીઆ અલીસીઆ ગાર્સિયા | અમેરિકા |
| 6 | ફતેહમાહ અલ્ઝેલ્ઝેલા | કુવૈત |
| 7 | મેક્સ હિદાલ્ગો ક્વિન્ટો | પેરૂ |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિદ્યુત મોહન

- ભારતના વિદ્યુત મોહન **તકાચર**ના સહ–સ્થાપક છે.
- તેઓ એક ઉદ્યોગ–સાહસિક છે.
- તેમણે પરવડે તેવા અને **પોર્ટેબલ બાયોમાસ અપગ્રેડિંગ ઉપકરણો** બનાવ્યા છે.
- તેઓએ ખેડૂતોને ખેતરોના વધારાના અવશેષોને ખુલ્લામાં બાળવાના જગ્યાએ તેની કિંમત વધે તેવા રસાયણો બનાવવાનું શીખવ્યું છે જેથી ખેડૂતોની આવક વધારવામાં મદદ મળી શકે.

### યંગ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ વિશે

- યંગ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ **દર વર્ષે 30થી ઓછી વય ધરાવતા 7 ઉદ્યોગસાહસિકો**ને આપવામાં આવે છે.
- ટકાઉ પર્યાવરણીય પરિવર્તનના વિચારો માટે ઉદ્યોગ સાહસિકોને આ એવોર્ડ આપવામાં આવે છે.

## ➤ કોલકાતામાં સુભાષચંદ્ર બોઝનું મ્યુઝિયમ બનાવવામાં આવશે

- 23 જાન્યુઆરી, 2022ના રોજ કોલકાતામાં નેતાજી સુભાષચંદ્ર બોઝનું મ્યુઝિયમ ખુલ્લું મૂકવામાં આવશે.
- આ સંગ્રહાલયનું ઉદ્દઘાટન નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતી પર થનાર છે.
- ભારત સરકાર નેતાજી દ્વારા લખાયેલા કેટલાક પુસ્તકોનું ફરીથી છાપકામ કરવાની યોજના ધરાવે છે.
- નવી દિલ્હી ખાતે આવેલા નેતાજી સંગ્રહાલયને પણ વિસ્તૃત કરવામાં આવશે.

## ➤ G7 સમિટ 2021

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જહોન્સન દ્વારા 2021માં બ્રિટનમાં યોજાનારી G7 સમિટમાં ભાગ લેવા આમંત્રણ અપાયું હતું.
- દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયાની સાથે ભારત ત્રણ અતિથિ રાષ્ટ્રોમાંનો એક છે જે આવનારી G7 સમિટમાં ભાગ લેનારા છે.
- આવતા વર્ષે આ ગ્રૂપ 10 લોકશાહી દેશોનું થવાની અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### D10 ગ્રૂપ ઓફ કન્ટ્રીઝ શું છે ?

- D10 ગ્રૂપ ઓફ કન્ટ્રીઝની દરખાસ્ત યુનાઈટેડ કિંગડમ દ્વારા કરવામાં આવી હતી.
- યુનાઈટેડ કિંગડમે ભારત, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાનો G7 દેશોમાં સમાવેશ કરીને 'D10'ની રચનાની દરખાસ્ત કરી છે.
- D10 એટલે 'વિશ્વની 10 સૌથી મોટી લોકશાહી (Democracies)'.
- D-10ની રચના ચીનના હુઆવેઈ પર રહેલી 5 G ઉપકરણો અને તકનીકીઓની નિર્ભરતાને ઓછી કરી નવા વિકલ્પો ઊભા કરવા માટે કરવામાં આવી રહી છે.

### G7 વિશે

- વર્ષ 1973માં થયેલ તેલ સંકટ દરમિયાન રાજનીતિક અને આર્થિક ચિંતાઓ પર ચર્ચા કરવા માટે G7ની રચના કરવામાં આવી હતી.

  સભ્ય દેશો : યુએસ, યુકે, ફ્રાંસ, જર્મની, ઈટાલી, જાપાન અને કેનેડા

- તે અગાઉ 'G8' તરીકે ઓળખાતું હતું.
- વર્ષ 2014માં રશિયા આ જૂથમાંથી બહાર થયા પછી આ જૂથ 'G7' તરીકે ઓળખાવા લાગ્યું હતું.
- દર વર્ષે G7 સમિટનું આયોજન તેના સભ્ય દેશ દ્વારા કરવામાં આવે છે.
- આયોજક દેશ તેની ઈચ્છા મુજબ ત્રણ દેશોને અતિથિ દેશ તરીકે આમંત્રિત કરે છે.
- વર્ષ 2021 માટે યુકે એ ભારત ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાને આમંત્રણ આપ્યું છે.

## ICE Questions

1. 'ગોવા મુકિત દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?
   (A) 19 ડિસેમ્બર (B) 18 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 17 ડિસેમ્બર — **(A)**

2. ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુકત કરાવવા માટે 'ઓપરેશન વિજય' ક્યારે હાથ ધરવામાં આવ્યું હતું ?
   (A) 19 ડિસેમ્બર, 1960 (B) 19 ડિસેમ્બર, 1961
   (C) 19 ડિસેમ્બર, 1962 (D) 19 ડિસેમ્બર, 1963 — **(B)**

3. વર્ષ 2020માં ફિફા પ્લેયર ઓફ ધ યર કોણ બન્યું ?
   (A) ક્રિસ્ટીયાનો રોનાલ્ડો (B) લિયોનેલ મેસ્સી
   (C) રોબર્ટ લેવાન્ડોવસ્કી (D) નેયમાર જુનિયર — **(C)**

4. 'FIFA'નું મુખ્યમથક કયા દેશમાં આવેલું છે ?
   (A) જર્મની (B) ફ્રાંસ (C) આયરલેન્ડ (D) સ્વિટ્ઝરલેન્ડ — **(D)**

5. હ્યુમન ફ્રીડમ ઈન્ડેક્સ-2020ની યાદીમાં ભારત કેટલામા ક્રમે રહયો હતો ?
   (A) 111 (B) 94 (C) 95 (D) 131 — **(A)**

6. હ્યુમન ફ્રીડમ ઈન્ડેક્સ-2020માં પ્રથમ નંબરે કયો દેશ રહયો હતો ?
   (A) સ્વિટ્ઝરલેન્ડ (B) ન્યુઝીલેન્ડ (C) હોંગકોંગ (D) નોર્વે — **(B)**

7. UNEP 2020 યંગ ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડમાં નામાંકિત થનાર ભારતીયનું નામ જણાવો ?
   (A) વિદ્યુત મોહન (B) વિદ્યુત જામવાન (C) ગુરમિત સિંહ (D) વિદ્યુત શેઠ — **(A)**

8. નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતી પર ભારતમાં કયાં સુભાષચંદ્ર બોઝનું મ્યુઝિયમ બનાવવામાં આવશે ?
   (A) કટક (B) બેંગાલુરુ (C) કોલકાતા (D) મુંબઈ — **(C)**

9. વર્ષ 2021માં G7 સમિટનું આયોજન કયા દેશમાં કરવામાં આવશે ?
   (A) ફ્રાંસ (B) ઈટાલી (C) કેનેડા (D) યુ.કે. — **(D)**

10. નીચેના પૈકી કયો દેશ G7નો સભ્યદેશ નથી ?
    (A) ફ્રાંસ (B) ઈટાલી (C) રશિયા (D) યુ.કે. — **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં પહેલીવાર ઈ-લોક અદાલત યોજાઈ ગઈ : એક દિવસમાં 12,383 કેસોનો ત્વરિત નિકાલ કરાયો

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ કોરોનાની મહામારી વચ્ચે રાજ્યની સમગ્ર અદાલતોમાં પહેલીવાર ઈ-લોક અદાલતનું આયોજન 12 ડિસેમ્બર, 2020ના રોજ કરાયું હતું. સમગ્ર રાજ્યમાં અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટમાં સૌથી વધુ 1469 અને સુરતમાં 999 કેસોનો નિકાલ થયો છે. ઈ–લોક અદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, ચેક બાઉન્સના કેસ સહિત વિવિધ પેન્ડિંગ કેસોમાં સમાધાનથી નિકાલ કરાયો હતો.

### ➤ કપડવંજ તાલુકાના જાણીતા લોકસાહિત્યકાર શ્રી ઘનશ્યામભાઈ ગઢવીનું નિધન

કપડવંજ તાલુકાના ચારણીયા ગામના વતની કવિ, લોક સાહિત્યકાર અને મનમોજી રચનાકાર જેવા નામોથી લોક હૈયે અનેરું નામ પામેલા ઉમદા સર્જક ઘનશ્યામભાઈ ગઢવીનું તાજેતરમાં અવસાન થયું હતું. તેઓ 'રામધૂન' અને 'ખમ્મા ગીરને ખમ્મા' રચનાથી જાણીતા થયા હતા.

### ➤ GTUને બેસ્ટ કોર્ડિનેટર અને બેસ્ટ મેન્ટર્સ સહિત 3 એવોર્ડ એનાયત કરાયા

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) અંતર્ગત નેશનલ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ મીટ-2020 યોજવામાં આવી હતી. જેમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી માટે કાર્યરત સંસ્થા અને રાજ્યની 3 યુનિવર્સિટીને જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરના હસ્તે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU)ને SSIP

INSTITUTE FOR COMPETITIVE EXAMS

પ્રશંસા એવોર્ડ સહિત બેસ્ટ કોર્ડિનેટર અને બેસ્ટ મેન્ટર્સ સહિત કુલ 3 એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. GTUને પ્રશંસા એવોર્ડ સહિત ઈન્ક્યુબેશન મેનેજર તુષાર પંચાલને બેસ્ટ SSIP કોઓર્ડિનેટર અને કરણ સારગરાને બેસ્ટ SSIP મેન્ટર્સનો એવોર્ડ આપવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2017થી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) શરૂ કરવામાં આવી છે.

## ભારત

### ➤ અશરફ પટેલને સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર જાહેર કરાયા

અશરફ પટેલ 'પ્રવાહ' અને 'કમ્યુનિટી યુથ કલેકિટવ'ના સહ–સ્થાપક છે. આ એવોર્ડ યુનિસેફ રોઝ સાથે સંયુકત રીતે રજૂ કરવામાં આવ્યો છે.

### ➤ મલયાલમ લેખક યુ.એ. ખદરનું તાજેતરમાં 85 વર્ષની વયે નિધન થયું

મલયાલમ લેખક યુ.એ. ખદરનું 12 ડિસેમ્બર, 2020ના રોજ 85 વર્ષની વયે અવસાન થયું હતું. યુ.એ. ખદરને સાહિત્ય અકાદમી એવોર્ડ સહિત ઘણા સન્માનો મળી ચૂકયા છે. તેઓ નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ સહિત ઘણા પુસ્તકો લખ્યા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAM

### ➤ પાંચમો રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે બહાર પડાયો

12 ડિસેમ્બર, 2020ના રોજ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે પાંચમો રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે બહાર પાડયો હતો. સર્વે અનુસાર 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શિશુઓ અને 5 વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદરમાં ઘટાડો થયો છે.

### ➤ સંસદ પર હુમલો થયાની 19મી વર્ષગાંઠ પર લોકસભાના સ્પીકર દ્વારા પુસ્તકનું વિમોચન કરાયું

13 ડિસેમ્બર, 2020ના રોજ લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ ભારતીય સંસદ પરના હુમલાની 19મી વર્ષગાંઠ પ્રસંગે એક પુસ્તક બહાર પાડયું હતું. આ પુસ્તકના અંગ્રેજી વર્ઝનનું શીર્ષક 'The Shaurya Unbound' અને પુસ્તકના હિન્દી વર્ઝનનું શીર્ષક 'સમુંદર સમાવે બુંદ મેં' હતું.

## ➤ વિદ્યાવાચસ્પતિ બન્નાન્જે ગોવિંદાચાર્યનું અવસાન

**પ્રખ્યાત સંસ્કૃત વિદ્વાન** વિદ્યાવાચસ્પતિ બન્નાન્જે ગોવિંદાચાર્યનું 13 ડિસેમ્બર, 2020ના રોજ **ઉડૂપી** ખાતે અવસાન થયું હતું. તેમને કેન્દ્ર સરકાર દ્વારા **વર્ષ 2009માં** **'પદ્મશ્રી'**થી નવાજવામાં આવ્યા હતા. તેઓ **ધર્મ અને શાંતિ અંગેની વિશ્વ પરિષદ 1979માં ભારતના બ્રાન્ડ એમ્બેસેડર** હતા.

## ➤ કેન્દ્ર સરકારે લોન્ચ કરી ડિજિટલ પેમેન્ટ એપ 'ડાક પે'

**ભારતીય ટપાલ વિભાગ** અને **ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક્સ (IPPB)એ** નવી ડિજિટલ પેમેન્ટ એપ **'ડાક પે'** લોન્ચ કરી છે. ડાક પે એપનું લોન્ચિંગ એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં થયું હતું જેમાં **આઈટી અને દૂરસંચાર મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ પણ ઉપસ્થિત** રહયા હતા. ડાક પે એક ડિજિટલ પેમેન્ટ એપ જ નથી પરંતુ તેના દ્વારા સંબંધિત બેન્ક અને ટપાલ ખાતાની અન્ય સેવાઓ પણ મળશે. ડાક પે એપમાં પણ ડિજિટલ પેમેન્ટ માટે કયૂઆર કોડ સ્કેન કરવાની સુવિધા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઈસંજીવની ટેલિમેડિસીન દ્વારા 1 મિલિયન કરતા વધારે ટેલિ કન્સલ્ટેશન થઈ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તાજેતરમાં જાહેરાત કરી હતી કે ઈસંજીવની હેઠળ 1 મિલિયન કરતા વધારે ટેલિકન્સલ્ટેશન પૂર્ણ થઈ છે. ઓનલાઈન આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં ઈસંજીવનીએ તેના પ્રકારની પ્રથમ પહેલ છે. ઈ–સંજીવની દ્વારા સૌથી વધુ ટેલિકન્સલ્ટેશન કરનારા ટોચના બે રાજ્યોમાં તમિલનાડુ અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.

## ➤ હિમાલય માટે પ્રાદેશિક આબોહવા કેન્દ્ર

ભારતના હિમાલય પર્વતીય ક્ષેત્રમાં આ કેન્દ્ર ભારત અને તેના પાડોશી દેશોને હવામાન સંબંધિત સેવાઓ પ્રદાન કરશે. આવું સમાન આબોહવા કેન્દ્ર ચાઈના દ્વારા હિમાલયની બાજુમાં બનાવવામાં આવી રહયું છે. હિમાલયને 'વિશ્વના ત્રીજાધ્રુવ' તરીકે ઓળખવામાં આવે છે. આ કેન્દ્ર હિમાલયમાં થતી આબોહવાકીય ઘટનાઓને સમજવામાં મદદરૂપ થશે. હિમાલયમાં ઓગળતા ગ્લેશિયરોએ એક મોટી ચિંતા છે.

## ➤ વાયએસઆર મફત પાકવીમા યોજના

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીએ તાજેતરમાં વાયએસઆર મફત પાક વીમા યોજના શરૂ કરી હતી. આ યોજના અંતર્ગત 1252 કરોડ રૂપિયા પાક વીમા તરીકે 9.48 લાખ ખેડૂતોના બેંક ખાતાઓમાં જમા થશે.

## ➤ તેલંગાણા ફાઈબર ગ્રીડ પ્રોજેક્ટ

તેલંગાણા સરકારે તાજેતરમાં તેલંગાણા ફાઈબર ગ્રીડ પ્રોજેક્ટને 'વાઈટલ પબ્લિક પર્પઝ પ્રોજેક્ટ' જાહેર કર્યો હતો. આ પ્રોજેક્ટ તેલંગાણા રાજ્યમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ પ્રદાન કરે છે. **તેલંગાણા રાજ્યનું પીવાના સલામત પાણી** માટેનું મિશન **'મિશન ભાગીરથા'** છે.

## ➤ વિઝન 2035 : ભારતમાં જાહેર આરોગ્ય સર્વેલન્સ

**નીતિ આયોગે** તાજેતરમાં ભારતમાં **'વિઝન 2035 : પબ્લિક હેલ્થ સર્વેલન્સ'** નામનું શ્વેતપત્ર બહાર પાડ્યું છે. તે ભારતમાં આરોગ્ય પ્રણાલીને મજબૂત બનાવવાના કાર્યનો એક ભાગ છે. આ શ્વેતપત્રમાં ભારતમાં હેલ્થકેર સિસ્ટમના ત્રણ સ્તરોને એકીકૃત કરવાની માંગ કરવામાં આવી છે. આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થકેર સિસ્ટમના **ત્રણ સ્તરો પ્રાથમિક**, **દ્વિતીયક** અને **તૃતીયક** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ઈસરોએ દેશનો 42મો સેટેલાઈટ CMS-01 લોંચ કર્યો

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ દેશનો 42મો કોમ્યુનિકેશન સેટેલાઈટ CMS-01 લોંચ કર્યો હતો. **CMS-01ના કવરેજમાં ઈન્ડિયન મેઈનલેન્ડ, આંદામાન-નિકોબાર અને લક્ષદ્વિપ ટાપુઓનો** સમાવેશ થશે. આ સેટેલાઈટની મદદથી કોમ્યુનિકેશન ઈ–લર્નિંગ, ટેલીમેડિસીન જેવી સેવાઓ વધુ સારી બનશે. ઈસરોના PSLV-C50એ શ્રી હરિકોટાના સ્પેસ પોર્ટથી આ સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યો હતો.

## ➤ 12મા GRIHA શિખર સંમેલનનું આયોજન

15 અને 16 ડિસેમ્બર, 2020ની વચ્ચે **12મા GRIHA શિખર સંમેલનનું** આયોજન કરવામાં આવ્યું હતું. **Green Rating for Integrated Habitat building (GRIHA) ના 12મા સંસ્કરણનું** ઉદ્દઘાટન **ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ** દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉદ્દઘાટન પ્રસંગે ઉપરાષ્ટ્રપતિશ્રીએ **'30 સ્ટોરીઝ બિયોન્ડ બિલ્ડિંગ્સ'** નામના પુસ્તકનું વિમોચન કર્યું હતું. GRIHA રેટિંગ TERI દ્વારા વિકસાવવામાં આવેલ છે.

TERI : **The Energy and Resources Institute**

### ➤ એશિયા-પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે શશિ શેખર વેંપતિની પસંદગી

એશિયા–પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે **પ્રસાર ભારતીના CEO શશિ શેખર વેંપતિની** પસંદગી કરવામાં આવી છે. એશિયા–પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયનની રચના વર્ષ 1964માં કરવામાં આવી હતી અને હાલમાં તે 286 સભ્યો ધરાવે છે.

### ➤ બેંગાલુરુ મિશન 2022

**કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી બી. એસ. યેદિયુરપ્પાએ** તાજેતરમાં જ **'બેંગાલુરુ મિશન 2022'** શરૂ કર્યું હતું. આ મિશનનો ઉદ્દેશ બેંગાલુરુના લોકોને તેમની રોજિંદા સમસ્યાઓ અને પડકારોના નિવારણ માટે જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવાનો છે. તેનાથી શહેરના મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બદલવામાં મદદ મળશે. કર્ણાટક સરકારે **'બેંગાલુરુ મિશન 2022-રિવિટલાઈઝીંગ બેંગાલુરુ'** નામની એક પુસ્તિકા પણ બહાર પાડી હતી. આ મિશન અંતર્ગત મુખ્યત્વે **ટ્રાફિક સમસ્યા હલ કરવા પર ધ્યાન કેન્દ્રિત** કરવામાં આવશે.

### ➤ ભારતીય ગરીબોને બચાવવા ઈન્ડિયા - વર્લ્ડ બેંક પ્રોજેક્ટ

ભારત સરકાર અને વર્લ્ડ બેંકે મહામારીના કારણે પ્રભાવિત થનારી ભારતની ગરીબ વસતીને બચાવવા માટે 400 મિલિયન ડોલરની પરિયોજના પર હસ્તાક્ષર કર્યા છે.

## વિશ્વ

### ➤ યુ.એસ. દ્વારા આયોજિત કલાઈમેટ એમ્બિશન સમિટ

**પેરિસ કરાર**ની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે **ચિલી અને ઈટાલી**ની ભાગીદારીમાં **સંયુક્ત રાષ્ટ્ર, યુનાઈટેડ કિંગડમ** અને **ફ્રાન્સ** દ્વારા 12 ડિસેમ્બર, 2020ના રોજ ઈન્ટરનેશનલ કલાઈમેટ એમ્બિશન સમિટનું સંયુક્ત રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટ **'ગ્લોબલ કલાઈમેટ સમિટ'** તરીકે પણ ઓળખાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ હોલ્ડિંગ અને રેનફોર્ડ બ્રેન્ટ 'ફ્રીડમ ઓફ ધ સિટીઓફ લંડન' પુરસ્કારથી સન્માનિત

**વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ પેસ બોલર** તથા **બ્લેક લાઈવ્સ મેટર અભિયાન**ને સમર્થન આપનાર **માઈકલ હોલ્ડિંગ** તથા **ઈંગ્લેન્ડની વિમેન્સ ટીમની ભૂતપૂર્વ ખેલાડી ઈબોની રેનફોર્ડ બ્રેન્ટને રંગભેદ વિરૂદ્ધ** જાગૃતિ લાવવા માટે **'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન'** પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. બ્રિટનનો આ વિશેષ પુરસ્કાર પોતાના ક્ષેત્રોમાં સફળતા હાંસલ કરનાર વ્યકિતઓને આપવામાં આવે છે.

## ➤ ભારતીય મૂળના અમેરિકન રાજા ચારી નાસાના સ્પેસX મિશનમાં સામેલ

નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા ભારતીય અમેરિકન યુએસ એરફોર્સના કર્નલ રાજા ચારીની નિમણૂક ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) દ્વારા સ્પેસX ક્રૂ-3 મિશનના કમાન્ડર તરીકે નિમણૂક કરાઈ છે. આ મિશન આગામી વર્ષ સુધીમાં લોંચ થવાની ધારણા છે.

## ➤ ટોકિયો ઓલિમ્પિકમાં રશિયા ભાગ લઈ શકશે નહિ

વિશ્વની ખેલ અદાલત દ્વારા રશિયા પર બે વર્ષનો પ્રતિબંધ મુકાયો છે. આથી રશિયા ટોકિયો ઓલિમ્પિક અને 2022ના બીજિંગ વિન્ટર ઓલિમ્પિકમાં ભાગ લઈ શકશે નહીં. વર્લ્ડ એન્ટીડોપિંગ એજન્સી (WADA) અનુસાર ડોપમુકત થયેલ રશિયન ખેલાડીઓ સ્વતંત્ર રીતે ભાગ લઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ➤ 'ખમ્મા ગીરને ખમ્મા'ની રચનાના સર્જક એવા કયા લોકસાહિત્યકારનું તાજેતરમાં નિધન થયું હતું ? – શ્રી ઘનશ્યામભાઈ ગઢવી
- ➤ યુ.એ. ખદરનું તાજેતરમાં નિધન થયું છે, તેઓ કઈ ભાષાના લેખક હતા ? – મલયાલમ
- ➤ પેરિસ કરારની પાંચમી વર્ષગાંઠ નિમિત્તે 'ગ્લોબલ કલાઈમેટ સમિટ'નું આયોજન કોના દ્વારા સંયુકત રીતે કરવામાં આવ્યું હતું ? – સંયુકત રાષ્ટ્ર, યુનાઈટેડ કિંગડમ અને ફ્રાન્સ
- ➤ તાજેતરમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે કેટલામો રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે બહાર પાડયો હતો ? – પાંચમો
- ➤ સંસદ પર હુમલો થયાની 19મી વર્ષગાંઠ પર લોકસભાના સ્પીકર દ્વારા કયા પુસ્તકનું

ICE Questions

વિમોચન કરવામાં આવ્યું હતું ?

– અંગ્રેજી વર્ઝનનું શીર્ષક – 'The Shaurya Unbound'

– હિન્દી વર્ઝનનું શીર્ષક – 'સમુંદર સમાવે બુંદ મેં'

- ➤ તાજેતરમાં વિદ્યાવાચસ્પતિ બન્નાન્જે ગોવિંદાચાર્યનું નિધન થયું હતું તેઓ કઈ ભાષાના વિદ્વાન હતા ? – સંસ્કૃત
- ➤ ભારતીય ટપાલ વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક્સ (IPPB) દ્વારા તાજેતરમાં કઈ ડિજિટલ પેમેન્ટ એપ લોન્ચ કરવામાં આવી હતી ? – ડાક પે
- ➤ ઈ–સંજીવની દ્વારા સૌથી વધુ ટેલિકન્સલ્ટેશન કરનાર રાજ્ય કયું છે ? – તમિલનાડુ
- ➤ તાજેતરમાં ભારતીય મૂળના કયા અમેરિકનની નિમણૂક ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન દ્વારા સ્પેસ X ક્રૂ–3 મિશનના કમાંડર તરીકે થઈ હતી ? – રાજા ચારી
- ➤ ભારત કયા પર્વતીય ક્ષેત્રમાં પ્રાદેશિક આબોહવા કેન્દ્ર સ્થાપશે ? – હિમાલય પર્વતીય ક્ષેત્રમાં
- ➤ વાય એસ આર મફત પાક વીમા યોજના તાજેતરમાં કયા રાજ્ય દ્વારા શરૂ કરાઈ ? – આંધ્રપ્રદેશ
- ➤ 'મિશન ભાગીરથા' કયા રાજ્યનું પીવાના સલામત પાણી માટેનું મિશન છે ? – તેલંગાણા
- ➤ ભારતમાં જાહેર આરોગ્ય સર્વેલન્સ માટેનું 'વિઝન 2035' કોના દ્વારા બહાર પડાયું હતું ? – નીતિ આયોગ
- ➤ ગુજરાતની કઈ યુનિવર્સિટીને તાજેતરમાં SSIP પ્રશંસા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ? – ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી
- ➤ ISROએ તાજેતરમાં 42મો કયો કોમ્યુનિકેશન સેટેલાઈટ લોંચ કર્યો હતો ? – CMS-01
- ➤ તાજેતરમાં કેટલામા GRIHA શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ?– 12મા
- ➤ 12માં GRIHA શિખર સંમેલનના ઉદ્દઘાટન પ્રસંગે ઉપરાષ્ટ્રપતિશ્રીએ કયા પુસ્તકનું વિમોચન કર્યું હતું ? – 30 સ્ટોરીઝ બિયોન્ડ બિલ્ડિંગ્સ
- ➤ એશિયા–પેસિફિક બ્રોડ કાસ્ટિંગ યુનિયનના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કોને પસંદ કરવામાં આવ્યા ? – શશી શેખર વેંપતિ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. કયા રાજ્યએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તે તેની સરકારી હોસ્પિટલમાં દર્દીઓને મફત લોહી આપશે ? – મહારાષ્ટ્ર
2. આયુર્વેદ ડોકટરોને તાજેતરમાં કેટલા પ્રકારની સર્જરી કરવાની છૂટ આપવામાં આવી હતી ? – 58 પ્રકારની સર્જરી
3. જાહેર આરોગ્ય બંધારણની કઈ યાદીનો વિષય છે ? – રાજ્યયાદીનો વિષય
4. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની 10 યુનિવર્સિટી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને વીડિયો કોન્ફરન્સ દ્વારા કયા સુપર કોમ્પ્યુટર અર્પણ કર્યા હતા ? – પરમ શાવક સુપર કોમ્પ્યુટર
(પરમ શાવક સુપર કોમ્પ્યુટરને C-DAC દ્વારા સંપૂર્ણ રીતે ભારતમાં વિકસાવવામાં આવેલ છે. C-DAC : Centre for Development of Advanced Computing)
5. મહાત્મા ગાંધીને કયા વર્ષમાં 'ટાઈમ પર્સન ઓફ ધ યર' તરીકે પસંદ કરવામાં આવ્યા હતા ? – વર્ષ 1930
6. ભારતમાં 9મી સસ્ટેનેબલ માઉન્ટેન ડેવલપમેન્ટ સમિટ (SMDS)નું આયોજન કયાં થયું હતું ? – દહેરાદૂન
7. ફિક્કી ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સ 2020 તાજેતરમાં પુરૂષ વર્ગમાં કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – રેસલર બજરંગ પુનિયા
8. ફિક્કી ઈન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સ 2020 તાજેતરમાં મહિલા વર્ગમાં કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – શૂટર એલાવેનિલ વલારિવન
9. તાજેતરમાં ભારતની ટોચની ટેનિસ ખેલાડી અંકિતા રૈનાએ કેટરિન ગોર્ગોદજની સાથે મળીને દુબઈની કઈ ડબલ્સ ચેમ્પિયનશીપ જીતી હતી ? – અલ હબ ટ્રોફી
10. ગુજરાતમાં 'ફાયર સેફટી કોપ પોર્ટલ' ક્યારે લોન્ચ થશે ? – 26 જાન્યુઆરીએ
(ગુજરાતમાં ફાયર સેફટી રિન્યૂઅલ માટે નવી વ્યવસ્થા ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાસ્ટર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

મેનેજમેન્ટ (GIDM) દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં ફાયર સેફટી રિન્યૂઅલ માટેની નવી વ્યવસ્થા 'ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એકટ-2013' હેઠળ કરવામાં આવી છે.)

11. તાજેતરમાં ભારતીય દૂતાવાસે SCOના સભ્ય દેશો માટે કઈ મૂવી શ્રેણી શરૂ કરી હતી ? – Cinema SCOpe

(SCO : શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન)

12. ફોર્બ્સ 2020ની તાજેતરની યાદી મુજબ ભારતના નાણાપ્રધાન શ્રી નિર્મલા સિતારામને વિશ્વની સૌથી શકિતશાળી મહિલાઓમાં કેટલામું સ્થાન મેળવ્યું હતું ? – 41મું

13. ઈ–કોર્ટ્સ પ્રોજેકટ નેશનલ ઈ–ગવર્નન્સ પ્લાન અંતર્ગત કયારથી લાગુ કરવામાં આવી રહયો છે ? – વર્ષ 2007

14. ભારત અને મ્યાનમાર વચ્ચે તાજેતરમાં કેટલામી ડ્રગ કંટ્રોલ ઓપરેશનની દ્વિપક્ષીય બેઠક મળી હતી ? – પાંચમી

(સ્મગલિંગ ઈન ઈન્ડિયા રિપોર્ટ, 2020 મુજબ મ્યાનમારથી ડ્રગની મુખ્ય હેરાફેરી મિઝોરમ રાજ્યમાંથી થાય છે.)

15. 'મિશન ઈન્દ્ર ધનુષ' કયા વર્ષમાં લોન્ચ કરવામાં આવ્યું હતું ? – વર્ષ 2014

16. તાજેતરમાં કઈ કંપનીએ ઈલેકિટ્રક ડ્રાઈવરલેસ રોબોટેકસી રજૂ કરી હતી ? – એમેઝોનની સ્ટાર્ટ અપ કંપની zooxએ

17. ગુજરાતમાં કઈ જગ્યાએ આધુનિક રોબોટિક ગેલેરીનું નિર્માણ કરાશે ? – અમદાવાદની સાયન્સ સિટીમાં

18. COVID-19 સામેની ભારતની પ્રથમ mRNA વેકસીન કઈ હતી ? – HGCO19 વેકસીન (HGCO19 વેકસીન પૂણે સ્થિત જિનોવા બાયોફાર્માસ્યૂટિકલ્સ દ્વારા વિકસાવવામાં આવી છે. તે ભારતની પ્રથમ સ્વદેશી mRNA વેકિસન છે. HGCO19નો વિકાસ યુએસની HDT બાયોટેક કોર્પોરેશન સાથે મળીને કરવામાં આવ્યો છે.)

19. ભારત કયા દેશ સાથે મળીને 'સ્વાધિનતા સારક' શરૂ કરશે ? – બાંગ્લાદેશ

20. શાહીન જોઈન્ટ એરફોર્સ કવાયત તાજેતરમાં કયા બે દેશો વચ્ચે યોજાઈ હતી ? – ચીન અને પાકિસ્તાન

21. દેહિંગ પટકાઈ વન્યપ્રાણી અભયારણ્ય કયા રાજ્યમાં સ્થિત છે ? – આસામ

22. તાજેતરમાં કયા રાજ્યએ માતૃ સહયોગિની સમિતિની રચના કરવાનો આદેશ જારી કર્યો હતો ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– મધ્યપ્રદેશ

(માતૃ સહયોગિની સમિતિ અંતર્ગત દરેક આંગણવાડીઓમાં 10 માતાઓનો સમાવેશ કરાશે.)

23. ભારત કયા દેશ સાથે મળીને એનર્જી ટાસ્ક ફોર્સની રચના કરશે ? – કતાર

(ઝા–ઈર–અલ–બહર એ ભારત અને કતાર વચ્ચે સંયુકત વાર્ષિક કવાયત છે.)

24. જાન્યુઆરી 2021માં નવી દિલ્હી ખાતેની પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે કોણ હાજર રહેશે ? – બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જ્હોન્સન

25. સ્મૃતિવન ધરતીકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ પ્રોજકટ કયાં આકાર લઈ રહયો છે ?

– ભૂજના ભુજિયા ડુંગર પર

26. તાજેતરમાં જોહન લે કેરીનું અવસાન થયુ હતું, તેઓ શેના માટે જાણીતા હતા ?

– જાસૂસી નવલકથા માટે

27. તાજેતરમાં એમ્બ્રોસ દિયામિનીનું અવસાન કોરોનાને કારણે થયું હતું, તેઓ કયા દેશના વડાપ્રધાન હતા ? – ઈસ્વાતિની

28. તાજેતરમાં અમેરિકામાં શેરમન એન્ટિ–ટ્રસ્ટ એકટ કઈ જાયન્ટ કંપની વિરૂદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો ? – ફેસબુક

(આ એકટ હરિફાઈમાં એકાધિકારને ઘટાડવા માટેનો છે. શેરમન એન્ટિ–ટ્રસ્ટ એકટ અમેરિકી અર્થવ્યવસ્થામાં સ્વસ્થ પ્રતિસ્પર્ધાને પ્રોત્સાહન આપે છે.)

29. એનિગ્મા શું છે ?

– એનિગ્મા એ એન્ક્રિપ્શન ડિવાઈસ છે (જેનો ઉપયોગ જર્મન નાઝીઓ દ્વારા બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ગુપ્ત સંદેશાઓને એન્કોડ કરવા માટે કરવામાં આવ્યો હતો. આ ડિવાઈસ તાજેતરમાં ગોતાખોરોને બાલ્ટિક સમુદ્રમાંથી મળી આવ્યું હતું. આ મશીન આર્થર શેરબિયસ દ્વારા શોધવામાં આવ્યું હતું.)

30. સાન ઈસિદ્રો મૂવમેન્ટ (MSI)એ કયા દેશમાં સરમુખત્યારશાહી સામેનો વિરોધ છે ?

– કયુબા

(સાન ઈસિદ્રોએ હવાનામાં આવેલ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે.)

31. ઈન્ડિયા વર્કપ્લેસ ઈકવાલિટી ઈન્ડેકસ તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો ?

– કેશવસુરી ફાઉન્ડેશન

(ઈન્ડિયા વર્કપ્લેસ ઈકવાલિટી ઈન્ડેકસ કેશવસુરી ફાઉન્ડેશન દ્વારા પ્રાઈડ સર્કલ, સ્ટોનવેલ યુકે અને FICCIના સહયોગથી લોન્ચ કરવામાં આવ્યો હતો.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

32. ગુજરાત હાઈકોર્ટમાં કેટલા જસ્ટિસની મહેકમ છે ? – 52
(ગુજરાત હાઈકોર્ટમાં 52 જસ્ટિસની મહેકમ સામે વર્તમાનમાં 30 જસ્ટિસ કાર્યરત છે.)

33. તાજેતરમાં કયા દેશના રાષ્ટ્રપતિએ તેના બંધારણમાં આબોહવા પરિવર્તન સામેની લડતને ઉમેરવા માટે લોકમતની જાહેરાત કરી હતી ? – ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન

34. ઈન્ડિયન કોસ્ટગાર્ડ ઓફ શોર પેટ્રોલ વેસલ સુજીત તાજેતરમાં કયાં કાર્યરત કરવામાં આવ્યું હતું ? – ગોવા ખાતે

35. તાજેતરમાં કયા ભારતીય એરોસ્પેસ વેજ્ઞાનિકનું કોવિડ-19ના કારણે નિધન થયું હતું ? – રોડ્ડમ નરસિંમ્હા
(રોડ્ડમ નરસિંમ્હા નેશનલ એરોસ્પેસ લેબોરેટરીઝના ડિરેકટર હતા.)

36. વિન્ટર સ્ટોર્મ ગેઈલ તાજેતરમાં કયા દેશ પર ત્રાટક્યું હતું ? – અમેરિકા

37. તાજેતરમાં કઈ સંસ્થાને ગોલ્ડન પીકોક પર્યાવરણ વ્યવસ્થાપન પુરસ્કાર એનાયત થયો હતો ? – SAIL (Steel Authority of India Limited)
(સેઈલ છેલ્લા બે વર્ષથી આ પુરસ્કાર જીતી રહયું છે. ONGCને ગુણવત્તા વ્યવસ્થાપન માટે ગોલ્ડન પીકોક પર્યાવરણ વ્યવસ્થાપન પુરસ્કાર 2020 એનાયત થયો.)

38. તાજેતરમાં ગુજરાતની કઈ 'ઔદ્યોગિક વિરાસત' એવી રેલવે લાઈનને આર્થિક તંગીને કારણે બંધ કરવામાં આવી ? – બિલિમોરા–વઘઈ રેલવે લાઈન
(બિલિમોરા–વઘઈ રેલવે લાઈન 107 વર્ષ જૂની નેરોગેજ રેલવે લાઈન છે.)

39. ગ્રીન એમોનિયા શું છે ?
– ગ્રીન એમોનિયા એક પ્રક્રિયાના માધ્યમથી ઉત્પાદિત કરવામાં આવે છે જે 100% નવીનીકરણીય અને કાર્બન મુકત હોય છે.

40. The Faster Adoption and Manufacturing of Electric Vehicles Policy (FAME II) અંતર્ગત વર્ષ 2030 સુધીમાં ભારતના સમગ્ર પરિવહનના કેટલા ટકા વાહનોને ઈલેકટ્રીક વાહનોમાં રૂપાંતરીત કરવાનું લક્ષ્ય છે ? – 30%

41. વર્ષ 2030માં એશિયન ગેમ્સનું આયોજન કોણ કરશે ? – કતાર

42. ગોલ્ડન પીકોક એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે ? – વર્લ્ડ એન્વાયર્નમેન્ટ ફાઉન્ડેશન (WEF)
(WEF દ્વારા આ એવોર્ડની શરૂઆત વર્ષ 1998થી કરવામાં આવી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT